લોન કરાર

આ લોનકરાર (“કરાર”) ____________ ખાતે કરવામાં આવ્યો હતો ________, તારીખે ____________ સન 20___ના રોજ.

આમની વચ્ચે

ઋણલેનાર(રા), કે જેમની વિગતો હવેથી અહીં આ કરાર કરારમાં સુધારીને લોન સારાંશ પરિશિષ્ટમાં વધુ ચોક્કસપણે દર્શાવવામાં આવી છે, અને જ્યાં પણ સંદર્ભિત જરૂર પડશે, તેમાં સહ-ઋણલેનારના નામનો સમાવેશ કરાયો છે અને હવેથી સામૂહિક રીતે (એક કરતા વધુ ઋણલેનાર(રા) હશે તો તેમને ઋણલેનાર(રા) તરીકે સંદર્ભિત કરાશે)” જેમાં, તદ્પશ્ચાદ સંદર્ભ અથવા અર્થની દૃષ્ટિએ વિસંગત હોય તે સિવાય, જેમાં અભિવ્યક્ત રીતે સામેલ હશે, જ્યાં ઋણલેનાર(રા) વ્યક્તિગત હશે, તેમના વારસદારો, વહીવટકર્તાઓ અને સંલાચકો, કે જ્યાં ઋણલેનાર(રા) એક સ્વ માલિકીની પેઢી હશે, જે વ્યક્તિનું નામ સ્વ માલિક તરીકે દર્શાવાય અને તેમના તેમના વારસદારો, વહીવટકર્તાઓ અને સંલાચકો અને કાનૂની પ્રતિનિધિઓ અને મંજૂર કરાયેલાઓનો સમાવેશ થતો હોય, જ્યાં ઋણલેનાર(રા) એક ભાગીદારી પેઢી હોય, આ કહેવાયેલી પેઢીના ભાગીદારો અથવા હંગામી ભાગીદારો હોય, તેમના વારસદારો અને જીવિત આશ્રિતો, વહીવટકર્તા અને સંચાલકો, જ્યાં ઋણલેનારા હિન્દુ અવિભક્ત કુટુંબના કર્તા હોય, તો આ કહેવાયેલા હિન્દુ અવિભક્ત કુટુંબના હંગામી સભ્યો અને તેમના પોત-પોતાના વારસદારો, અમલદારો અને વહીવટદારો તથા સંચાલકો, કે જ્યાં ઋણલેનાર એક કંપની હોય, તેના વારસદારો અને સંચાલકો, જ્યાં ઋણલેનાર(રા) એક અસ્થાપિત સંસ્થા હોય, તો આવી સંસ્થાના સભ્યો અને તેમના સંલગ્ન વારસદારો, જ્યાં ઋણલેનાર(રા) એક સોસાયટી છે, તેની સંચાલકીય સમિતિ અને આવી સંચાલકીય સમિતિના સંલગ્ન વારસદારો અને કોઈ પણ પસંદ કરાયેલા નવા સભ્યો, જેમની નિમણૂંક અથવા સહ-પસંદગી થઈ હોય, જ્યાં ઋણલેનાર(રા) એક ટ્રસ્ટ હોય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને તેમના સંલગ્ન વારસદારો, જ્યાં ઋણલેનારા મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢી હોય તો આવી કહેવાયેલીમર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢીના હંગામી સમયના ભાગીદારો અથવા ભાગીદારો અને ભાગીદારોના વારસદારો, વહીવટકર્તાઓ અને સંચાલકો તથા પેઢીના વારસદારો અને સંચાલકો **એકતરફવાળા**

**અને**

**ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ**,જે કંપની ધારા 1956 હેઠળ સ્થપાયેલી કંપની છે, જેની રજિસ્ટર્ડ કચેરી મેઘ ટાવર્સ, ત્રીજો માળ, ઓલ્ડ નં. 307, ન્યૂ નં. 165, પૂનમાલ્લી હાઈ રોડ, માદુરાવોયલ, ચેન્નઈ- 600095, તમિળનાડુ ખાતે આવેલી છે, અને તેની સંલગ્ન બ્રાન્ચ ઓફિસ લોન સારાંશ પરિશિષ્ટમાં દર્શાવેલા સંલગ્ન સ્થળે આવેલી છે અને હવે પછીથી તેને “એફઆઈસીસીએલ” તરીકે સંબોધિત કરાશે (જે અભિવ્યક્ત હશે, સિવાય કે સંદર્ભથી પ્રતિકૂળ હોય, તો તેને તેના વારસાદારો અને સંચાલકોના સમાવેશ સહિત ધારી લેવાશે)જે **બીજીતરફવાળા**.

**કે જ્યાં:**

i) ઋણલેનાર(રા) દ્વારા એફઆઈસીસીએલને સંપત્તિના બાંધકામ/વ્યાપાર/ વ્યાવસાયિક/ વ્યક્તિગત જરૂરિયાત માટે લોન સુવિધા પૂરી પાડવા વિનંતી કરાઈ છે અને વધુ વિગતોલોનસારાંશપરિશિષ્ટમાં દર્શાવાઈ છે;

ii) ઋણલેનાર(રા) દ્વારા પૂરી પડાયેલી વિગતો અને રજૂઆતોના આધારે, એફઆઈસીસીએલઅહીં હવે પછી ઉલ્લેખ કરાનારા નિયમો અને શરતોને આધિન રહીને ઋણલેનાર(રા)ને લોનપૂરી પાડવા સંમતિ દર્શાવી છે.

એફઆઈસીસીએલ વતી

ઋણલેનાર | સહ-ઋણલેનાર | અધિકૃત હસ્તાક્ષરકર્તા

**હવે આ કરાર માન્ય રહે છે અને હવે પછી તેને નીચે મુજબ ઘોષિત અને સમજૂતિ થયેલો દર્શાવાય છે:**

**અનુચ્છેદ 1**

**વ્યાખ્યાઓ**

"કરાર"નો મતલબ થાય છે આલોનકરાર, લોનસારાંશપરિશિષ્ટ, કે જેને આ સાથે કોઈ પણ પરિશિષ્ટ પૂરવણી સાથે બીડાયેલા છે, પરત ચૂકવણી પરિશિષ્ટ, હવે અહીં બીડાયેલા સંધાણ સંધાણકે જે આ કરારનો હિસ્સો બને છે અને કોઈ પણ સંધાણ, કે જે અત્યારે બીડાય છે કે પછી આ સાથે આ કરાર સાથે સમયાંતરે બીડાય છે.

**"અરજી"**નો મતલબ થાય લોનઅરજીજેની સાથે ઋણલેનાર(રા) દ્વારા સહાયક દસ્તાવેજો રજૂ કરાયા છે એફઆઈસીસીએલપાસેથી લોનસુવિધા પ્રાપ્ત કરવા માટે.

**"બાંધકામ અથવા સુધારો"** એટલે કોઈ સંપત્તિનું બાંધકામ, સુધારો, નવનિર્માણ, જાળવણી અથવા તેની મરામત, સમારકામ અથવા અન્ય કોઈ પણ ઉપયોગ.

**વિલંબિત ચૂકવણી વ્યાજ**નો મતલબ થાય એવા ચાર્જિસ કે જે સમાન માસિક હપ્તા (ઈએમઆઈ) અથવા પીઈએમઆઈઆઈની ચૂકવણીની તારીખ પછી પડતર રહેતી ચૂકવણી માટે આકલિત કરવામાં આવ્યા હોય.

**"ઈલેક્ટ્રોનિક ક્લિયરિંગ સર્વિસીઝ"("ડેબિટ ક્લિયરિંગ")**ને હવે પછી અહીં "ઈસીએસ" તરીકે સંબોધિત કરાશે જેનો મતલબ થાય ભારતીય રિઝર્વ બેંક દ્વારા ઘોષિત કરાયેલી ડેબિટ ક્લિયરિંગ સેવાઓ, જેમાં સામેલગીરી માટે ઈએમઆઈની ચૂકવણી સંબંધે ઋણલેનાર(રા) પાસેથી લેખિતમાં સંમતિ લેવામાં આવે છે જેનો લોનસારાંશપરિશિષ્ટમાં વિગતે ઉલ્લેખ કરાયો છે..

**"સમાન માસિક હપ્તા"("ઈએમઆઈ")**નોમતલબ થાયઋણલેનાર(રા) દ્વારા એફઆઈસીસીએલને દર મહિને ચૂકવવાપાત્ર રકમ જેમાં વ્યાજ અથવા લોનસારાંશપરિશિષ્ટમાં ઉલ્લેખ કરાયા મુજબ વ્યાજ અને મુદલ બંનેનો સમાવેશ થતો હોય.

**"સુવિધા"**નો મતલબ થાય ઋણલેનાર(રા)ને પૂરી પડાતી લોનનીસુવિધાકે જે કોઈ પ્રવર્તમાન લોનના વિસ્તારના સ્વરૂપમાં અથવા લોન વિસ્તારીને કોઈ પ્રવર્તમાન લોનની ખરીદી અથવા પર્સનલ લોન અથવા ઋણલેનાર(રા)ના વ્યાપાર/વ્યવસાયના હેતુ માટેની લોન.

"ફ્લોટિંગ વ્યાજદર" **("એફઆઈઆર")**નો મતલબ થાય એફઆઈસીસીએલ દ્વારા તેના રિટેલ પ્રાઈમ લેન્ડિંગ રેટ અનુસાર સમયાંતરે ઘોષિત કરાતો, અને કોઈ ફેલાવા સાથે એફઆઈસીસીએલ દ્વારા અમલી બનાવાતો વ્યાજદર, કે જેનો નિર્ણય આ કરારના ઋણલેનાર(રા) દ્વારા કરાયેલા સ્વીકાર અનુસાર લોન પર એફઆઈસીસીએલ દ્વારા નિર્ણય લેવાતો હોય છે.

**"એફઆઈઆરઅરજીતારીખ"**નો મતલબ થાય એ તારીખ જેના રોજ એફઆઈઆરનેએફઆઈસીસીએલદ્વારા આ કરારની શરતોમાં ઋણલેનાર(રા)ની પર લાગુ કરાય છે.

**"વ્યાજ"**નો મતલબ થાય નિશ્ચિતવ્યાજદર અથવા ફ્લોટિંગ વ્યાજદર ("એફઆઈઆર"), જે મુજબના સંજોગો.

**"લોન"**નો મતલબ થાય લોનસારાંશપરિશિષ્ટમાં કરાયેલા ઉલ્લેખ મુજબની મુદલ રકમ કે જેને આધિન રહીને એફઆઈસીસીએલદ્વારા ઋણલેનાર(રા)ને ધિરાણ કે ઉપાડ અપાઈ શકે છે, અને તેમાં સમાવિષ્ટ છે જરૂર મુજબનો સંદર્ભ, મુદલ સહિત લોનની કુલ બાકી નિકળતી રકમ, વ્યાજ અને ઋણલેનાર(રા) દ્વારા સમયાંતરે ચૂકવવાપાત્ર નિકળતી અન્ય કોઈ પણ રકમ.

**"પ્રિ ઈક્વેટેડ માસિક હપ્તાવ્યાજ" ("પીઈએમઆઈઆઈ")**નો મતલબ થાય લોનસારાંશપરિશિષ્ટમાં દર્શાવેલા વ્યાજદરે લોન પર ઋણલેનાર(રા) દ્વારા ચૂકવવાપાત્ર વ્યાજની રકમ જે શરૂ થાય છે લોન વિતરણ થયાની તારીખ/સંલગ્ન તારીખથી ઈએમઆઈ શરૂ થવાની તારીખ સુધી.

**"મિલ્કત'**નો મતલબ થાય સ્થાવર મિલ્કત કે જેનો લોનસારાંશપરિશિષ્ટમાં ઉલ્લેખ કરાયો છે, અને જેને એફઆઈસીસીએલની તરફેણમાં લોનકરારને આધીન રહીને ગીરોખત કરવાની છે.

**"પરત ચૂકવણી"**નો મતલબ થાય લોનની મુદલ રકમનીપરત ચૂકવણીતથા વ્યાજ અને લોન ખાતા હેઠળ અન્ય બાકી રહેતી રકમની ચૂકવણી, જેનો આ કરારમાં ઉલ્લેખ કરાયો હોય.

**"રિટેલ પ્રાઈમ લેન્ડિંગ રેટ" અથવા"આરપીએલઆર"**નો મતલબ થાય એફઆઈસીસીએલ દ્વારા સમયાંતરે તેના રિટેલ પ્રાઈમ લેન્ડિંગ રેટ અનુસાર જાહેર કરાતો વ્યાજદર.

**"મંજૂરી પત્ર"**નો મતલબ થાય ઋણલેનાર(રા)ને લોનની મંજૂરી માટે એફઆઈસીસીએલદ્વારા સંબોધિત કરાતો પત્ર, કે જેની તારીખનો પરિશિષ્ટમાં ઉલ્લેખ કરાયો હોય.

**"પરિશિષ્ટ"**નો મતલબ અને તેમાં સામેલ થાય છે 'લોનસારાંશપરિશિષ્ટ', કોઈ પૂરક પરિશિષ્ટ, પરત ચૂકવણીપરિશિષ્ટઅથવા અન્ય પરિશિષ્ટકે જેને આ કરાર સાથે અત્યારે કે હવે પછી બીડાય છે, જે લોનની સાથે સંબંધિત છે અને આ કરારનું અભિન્ન અંગ છે.

**"સ્પષ્ટ સૂચનાઓ"**નો (**"એસઆઈ"**) મતલબ થાય છે ઋણલેનાર(રા) દ્વારા તેને બેંકને ઋણલેનાર(રા)ના બેંક ખાતામાંથી એફઆઈસીસીએલને લોનની પરત ચૂકવણી માટે ચૂકવણી માટે ઈએમઆઈને સમકક્ષ રકમ ચૂકવવા તેના બેંક ખાતામાંથી રકમ ઉધારવા માટે અપાતીલેખિત સૂચના કે જેનો વધુ વિગતવાર ઉલ્લેખ અહીંના પરિશિષ્ટમાં કરાયેલો છે.

જોગવાઈઓના શિર્ષકો ફક્ત સંદર્ભની સરળતા હેતુ છે અને આ કરારના નિર્માણને તેની કોઈ અસર થતી નથી. આ કરારમાં એકવચનમાં સામેલ છે બહુવચન અને તે રીતે જ બહુવચનમાં સામેલ છે એકવચન, એક લિંગ માટે આયાત કરાતા શબ્દોમાં બાકીના બધાનો સમાવેશ કરાય છે. આ કરારની અંદરનો સંદર્ભ એક વૈધાનિક જોગવાઈ છે જેમાં કોઈ પણ વૈધાનિક સુધારા અથવા તે પછી કરાતા પુનઃનિર્માણનો સમાવેશ કરાય છે.

**અનુચ્છેદ 2**

**લોનની રકમ અને વ્યાજ**

2.1 **લોનની રકમ:**

એફઆઈસીસીએલ, ઋણલેનાર(રા)ની વિનંતી પર, ઋણલેનાર(રા)ને ધિરાણ કરવા અને ઋણલેનાર(રા) એફઆઈસીસીએલપાસેથી ઋણ લેવા સંમત થાય છે, અને તે લોનની રકમ લોનસારાંશપરિશિષ્ટમાં કરાયેલા ઉલ્લેખથી વધવી ન જોઈએ, જે હવે પછી અહીં નિર્ધારિત કરાયેલા નિયમો અને શરતો, તેમજ તેને સંલગ્નોને આધિન અને તેની પર આધારિત રહેશે.

2.2 વ્યાજ:

(a) ઋણલેનાર(રા)એ લોનની મુદલ તેમજ સમયાંતરે બાકી રહેતી રકમ પર વ્યાજચૂકવવું પડે છે, જેનો દર લોનસારાંશપરિશિષ્ટમાં સામેલ કરાયો છે (જેમાં લાગુ પડતો વ્યાજવેરો બાકાત છે). વ્યાજતથા અન્ય દરોની ગણતરી વર્ષના ત્રણસો પાંસઠ (365) દિવસના આધારે કરાય છે અને લોન પરનું વ્યાજ લોનના વિતરણની/ચેક અપાયાની તારીખથી ગણાવાનું શરૂ થાય છે જેમાં ઋણલેનાર(રા) અથવા તેમની બેંક દ્વારા ચેકના પરિવહન, એકત્રીકરણ, વસૂલાતમાં લેવાતા સમયની ગણતરી કરાતી નથી.

(b) **વ્યાજનો નિશ્ચિત દર:**ઋણલેનાર(રા) વ્યાજના નિશ્ચિત દરને પસંદ કરે છે, તો આ લોનકરારના અમલીકરણની તારીખે લોન પર લાગુ વ્યાજદરનો લોનસારાંશપરિશિષ્ટમાં ઉલ્લેખ કરાશે. લોનના આરંભે જ વ્યાજદર નિશ્ચિત કરાય છે, આમછતાં નાણાંબજારની સ્થિતિમાં થનારા અપવાદરૂપ તેમજ અસાધારણ ફેરફારો હેઠળએફઆઈસીસીએલ તેની સંપૂર્ણ મુનસફીને આધિન રહીને તેમાં વધારો કે ઘટાડો કરી શકશે.

(c) **ફ્લોટિંગ વ્યાજદર** ("**એફઆઈઆર**"):ઋણલેનાર(રા) એફઆઈઆરની પસંદગી કરે તો લોન પર લાગુ પડનારા વ્યાજદરને એફઆઈસીસીએલરિટેલ પ્રાઈમ લેન્ડિંગ રેટ (આરપીએલઆર) સાથે જોડાશે. એફઆઈસીસીએલઆરપીએલઆરમાં ફેરફાર થશે અને તેમાં સમયાંતરે વિવિધતા આવશે તો વ્યાજદર તેને આધિન રહેશે અને બદલાશે. લોન વિતરણની તારીખથી દર ત્રણ મહિને લોન પરના વ્યાજદરને સુધારાશે, જો આરપીએલઆરમાં કોઈ ફેરફાર હશે. ત્યાં સુધી એફઆઈસીસીએલ દ્વારા આ કરારમાં ઉલ્લેખિત શરતો મુજબ લોન પર લાગુ પડનારો એફઆઈઆર આ લોન કરારના અમલની તારીખે લોનસારાંશપરિશિષ્ટમાં સામેલ કરાશે. આ ફેલાવો લોનના સમયગાળા દરમિયાન સતત/અફર રહેશે.

એફઆઈસીસીએલ વતી

ઋણલેનાર | સહ-ઋણલેનાર | અધિકૃત હસ્તાક્ષરકર્તા



(d) એફઆઈસીસીએલદ્વારા એફઆઈઆરમાં ફેરફાર કરાય તો જ ઋણલેનાર(રા)ને એફઆઈઆર વિશે જાણ કરવાની રહેશે અને આવા વ્યાજદર કે જેની એફઆઈસીસીએલ દ્વારા જાણ કરાય તે ઋણલેનાર(રા)ને બંધનકર્તા રહેશે.

(e) લોન પરના વ્યાજ, કરવેરા તથા અન્ય વેરા જે સમયાંતરે લાગુ હોય તેને ઋણલેનાર(રા)એ વહન કરવાના રહેશે. એફઆઈસીસીએલને ચૂકવવાપાત્ર વ્યાજ અથવા અન્ય રકમ (અને પીઈએમઆઈ સહિતના અન્ય વેરા)ની કોઈ સરકારી સત્તા અથવા એજન્સી દ્વારા વસૂલાતા કર અથવા કોઈ વ્યાજ કર પર ભારતમાં કે વિદેશમાં કોઈ સરકારી સત્તાવાળા અથવા અન્ય નિયમનકારી એજન્સીને ઋણલેનાર(રા) દ્વારા ચૂકવવા પાત્ર અથવા ચૂકવાયેલી રકમની માગણી એફઆઈસીસીએલ દ્વારા કરાય તો ઋણલેનાર(રા)એ તેને ચૂકવવી પડશે.

(f) એફઆઈસીસીએલના અન્ય અધિકારો પ્રત્યે પૂર્વગ્રહ વિના ઉપર ઉલ્લેખ કરાયા મુજબનું વ્યાજ તથા ઋણલેનાર(રા) દ્વારા ચૂકવવાપાત્ર અન્ય રકમને સંલગ્ન તારીખે ઋણલેનાર(રા)ના ખાતે ઉધારાશે/વસૂલાશે અને તેને બાકી લોન રકમનો ભાગ ગણી લેવાશે.

2.3 લોનનું વિતરણ:

(a) અહીં પૂરી પડાયેલી તમામ શરતોના ઋણલેનાર(રા) દ્વારા પાલનને આધિન રહીને, ઋણલેનાર(રા)ની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સમયાંતરે એફઆઈસીસીએલ દ્વારા નક્કી કરાયેલી કોઈ પણ રીતે અથવા અનુકૂળ હપ્તામાં અથવા એકી સાથે લોનનું વિતરણ કરાઈ શકે છે. આ સંબંધે એફઆઈસીસીએલનો નિર્ણય આખરી, અંતિમ અને ઋણલેનાર(રા)ને બંધનકર્તા રહેશે. આ કરારના નીતિ-નિયમોમાં વિતરણ કરાયેલા લોનના તમામ હપ્તાને આવરી લેવાશે. એફઆઈસીસીએલને જરૂર પડશે તો ઋણલેનાર(રા)એ દરેક વિતરણનું એફઆઈસીસીએલ દ્વારા માગણી કરાય તે રીતે અનુમોદન કરવું પડશે.

(b) ઋણલેનાર(રા)ની વિનંતી પર એફઆઈસીસીએલ તેની સંપૂર્ણ મુનસફીને આધિન રહીને નક્કી કરે છે તો એફઆઈસીસીએલદ્વારા લોનનું ઋણલેનાર(રા) દ્વારા નિર્દિષ્ટ કરાયેલી કોઈ ત્રાહિત પક્ષ કે વ્યક્તિને વિતરણ કરાઈ શકે છે. વિતરણ કરાનારી લોનની રકમમાંથી પૂર્વમાસિક હપ્તાનું વ્યાજ, આગોતરા હપ્તા, દસ્તાવેજી ખર્ચ, લોન પ્રોસેસિંગ ખર્ચ, વીમાનું પ્રિમિયમ (જો લાગુ પડે વગેરે કે જેની એફઆઈસીસીએલ દ્વારા માગ કરાય, તો ઋણલેનાર(રા)એ આવા દરેક વિતરણની એફઆઈસીસીએલ દ્વારા માગ કરાય તે સ્વરૂપમાં અનુમોદન કરાવું પડશે) બાદ કરવામાં આવશે.

અહીં સામેલ કરાયેલી કોઈ પણ બાબતથી ભિન્ન ઋણલેનાર(રા)એ આ કરારની તારીખથી 30 દિવસની અંદર અથવા લોનસારાંશપરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ લોન પ્રાપ્ત કરવાની રહેશે, જેમ કરવામાં કસૂર થયે એફઆઈસીસીએલ લોનની રકમનું ઋણલેનાર(રા)ને વિતરણ કરવાની ફરજમાં બંધાશે નહીં.

(c) ઋણલેનાર(રા)ની બેલેન્સ ટ્રાન્સફર સુવિધા માટેની વિનંતી પર એફઆઈસીસીએલઋણલેનાર(રા)ની પ્રવર્તમાન લોનની પરત ચૂકવણી માટે તેના પ્રવર્તમાન ધીરધારના નામે સીધેસીધું લોનનું વિતરણ કરી શકે છે. જો કોઈ પણ મિલ્કતની પ્રાપ્તિ/બાંધકામના હેતુસર લોન પ્રાપ્ત કરાય, તો લોનનું વિતરણ ઋણલેનાર(રા) દ્વારા આવી મિલ્કતની પ્રાપ્તિ/બાંધકામ માટે બિલ્ડર/ ડેવલપર/ વેચનારને પોતાના હિસ્સાની સંપૂર્ણ ચૂકવણી કરી દેવાશે અને આવી ચૂકવણીની રસીદ એફઆઈસીસીએલ સમક્ષ રજૂ કરાશે ત્યારપછી જ લોનનું વિતરણ કરાશે.

**2.4 લોનની અવધિ:**

લોનની અવધિ લોનસારાંશપરિશિષ્ટમાં કરાયેલા ઉલ્લેખ અને અહીં બીડાયા મુજબ રહેશે.

**2.5 વિતરણ માટેના અંતની તારીખો:**

તેની અંદર સામેલ કોઈ પણ બાબતથી વિપરીત જઈને પણ એફઆઈસીસીએલઋણલેનાર(રા)ને નોટિસ આપીને લોન હેઠળ વિતરણોના ઋણલેનાર(રા)ના અધિકારોનો અંત લાવી શકે છે, જો મંજૂરી પત્રમાં નિર્ધારિત કરાયા મુજબની અથવા તો એફઆઈસીસીએલ દ્વારા લેખિતમાં સંમતિ દાખવેલી તારીખોમાં આવા વિતરણ માટેની વિનંતી નહીં કરાય.

**અનુચ્છેદ 3**

**પરત ચૂકવણી/ પરત ચૂકવણી**

**3.1 પરત ચૂકવણી:**

(a) લોન સમાપ્ત થયે લોનની પરત ચૂકવણી કરવાની ઋણલેનાર(રા)ની સંપૂર્ણ જવાબદારી રહેશે. લોન સારાંશ પરિશિષ્ટ અને/અથવા અત્યારે બીડાતા પરત ચૂકવણી પરિશિષ્ટ અથવા અહીંના વિષયનો હિસ્સો બનાવેલામાં નિર્ધારિત કરાયેલા પરત ચૂકવણીપરિશિષ્ટ અનુસાર વ્યાજ સહિત લોન પરત ચૂકવવા ઋણલેનાર(રા) સંમત થાય છે અને ખાતરી આપે છે, જો કે, વિતરણમાં વિલંબ અથવા આગોતરાના સંજોગોમાં કોઈ પણ રીતે વિક્ષેપ થાય તો ઈએમઆઈ શરૂ થવાની તારીખ લોનનું વિતરણ કરાયાના પછીના કેલેન્ડર મહિનાનો 4થો દિવસ રહેશે. વ્યાજની ફેરગણતરી કરવાના એફઆઈસીસીએલના અધિકાર પ્રત્યેના પૂર્વગ્રહ વિના ઈએમઆઈની ગણતરી (વ્યાજદરમાં ફેરફારના સંજોગોમાં) અને ઈએમઆઈની ફેરગણતરી કરવાના આવા સંજોગોમાં અને આવા વધારાના વ્યાજને ઋણલેનાર(રા)ની બાકી રહેતી લોન રકમ પર લાગુ કરાશે.

ઈએમઆઈ શરૂ થાય ત્યાં સુધી ઋણલેનાર(રા) દર મહિને પીઈએમઆઈની ચૂકવણી લાગુ પડે તે રીતે કરી શકે છે અને આવા દરેક પીઈએમઆઈની ચૂકવણી લોનસારાંશપરિશિષ્ટમાં દર્શાવેલા વ્યાજદર અનુસાર રહેશે.

જો કે, લોનનું વિતરણ કોઈ કેલેન્ડર મહિનાના 10મા દિવસ બાદ થાય તો તે સંજોગોમાં ત્યારપછીના મહિનામાં જ પછીનો ઈએમઆઈ આવે તો, પીઈએમઆઈ (લોનસારાંશપરિશિષ્ટમાં કરાયેલા ઉલ્લેખ મુજબ) લોન મુદલમાં ઉમેરીને અને પછી તેને લોનની મુદલ રકમનો હિસ્સો બનાવાશે. ઉદાહરણ સ્વરૂપે રૂ. 100ની લોન 20મી જાન્યુઆરીએ મંજૂર કરાય છે અને નિયમિત ઈએમઆઈ માર્ચના 4થા દિવસથી શરૂ થાય છે, તો 20મી જાન્યુઆરી અને 3 ફેબ્રુઆરી વચ્ચેના ગાળાનું વ્યાજ (દા.ત. 2 રૂપિયા) લોનની મુદલમાં ઉમેરાશે અને તે પછીના વ્યાજની ગણતરી માટે લોનનું મુદલ રૂ. 100 નહીં પરંતુ રૂ. 102 ગણાશે.

જો લોનનું હપ્તામાં વિતરણ કરાય, તો ઋણલેનાર(રા)ની વિનંતી પર અને એફઆઈસીસીએલ દ્વારા મંજૂર કરાયે ઋણલેનાર(રા) દ્વારા વિતરણ કરાયેલી રકમ અને લોનની સંપૂર્ણ અવધિ આધારિત આ કરાર હેઠળની બાકી રકમ પર એફઆઈસીસીએલને ઈએમઆઈ

ચૂકવશે. લોનના ત્યારપછીના દરેક વિતરણ પર ઈએમઆઈને એ રીતે વધારાશે/સુધારાશે જેથી લોનની અવધિ પર લોન હેઠળની સઘળી બાકી રકમને આવરી લેવાય.

ઋણલેનાર(રા)ની વિનંતી પર એફઆઈસીસીએલ ઉપર મુજબની પરત ચૂકવણી વિસ્તારી શકે છે અને તે સંજોગોમાં એફઆઈસીસીએલ તેની સંપૂર્ણ મુનસફીને આધિન રહીને તેને અનુકૂળ લાગે અને એફઆઈસીસીએલ તથા ઋણલેનાર(રા) વચ્ચે પારસ્પરિક સંમતિ સધાય તે મુજબ સમયગાળો નક્કી કરી શકે છે અને ઉપર કહ્યા મુજબ ઈએમઆઈની કુલ સંખ્યા અથવા રકમમાં સમીક્ષાના પરિણામે એફઆઈસીસીએલનિર્ધારિત કરી શકે છે. ઈએમઆઈની કુલ સંખ્યા અથવા તો રકમમાં સમીક્ષાને અને/અથવા મુદલ પરત્વે પીઈએમઆઈઆઈની વસૂલાત સામે ઋણલેનાર(રા)ને કોઈ વાંધો નથી.

(b) અનુચ્છેદ 3.1(એ) તથા પરત ચૂકવણીપરિશિષ્ટમાં ઉપર ઉલ્લેખ કરાવા છતાં એફઆઈસીસીએલ પરત ચૂકવણી પરિશિષ્ટમાં સમયાંતરે અથવા કોઈ પણ સમયે આમૂળ ફેરફાર કરવાનો અથવા તેની સમીક્ષા કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે અને તે પણ એ રીતે કે જેથી એફઆઈસીસીએલ તેની મુનસફી મુજબ પરત ચૂકવણીને પુનઃપરિશિષ્ટ કરાયેલા ઈએમઆઈ અનુસાર નિર્ધારિત કરી શકાય.

(c) એફઆઈસીસીએલદ્વારા ("આગોતરો હપ્તો") તરીકે નિર્ધારિત અથવા કરારના અમલના સમયે લોનસારાંશપરિશિષ્ટમાં નિર્ધારિત કરાયા મુજબ આગોતરા હપ્તાની સંખ્યા મુજબઋણલેનાર(રા)એ એફઆઈસીસીએલને તેની ચૂકવણી કરવાની રહેશે. આગોતરા હપ્તાનું હપ્તા સામે એ રીતે સમાયોજન કરાશે જેનો લોનસારાંશપરિશિષ્ટમાં ઉલ્લેખ કરાયો હોય. આગોતરા હપ્તા ઉપર એફઆઈસીસીએલ કોઈ પણ પ્રકારનું વ્યાજ ચૂકવશે નહીં.

એફઆઈસીસીએલ વતી

ઋણલેનાર | સહ-ઋણલેનાર | અધિકૃત હસ્તાક્ષરકર્તા



(d) જો ઋણલેનાર(રા)એફઆઈઆરની પસંદગી કરે છે તો સેવ કરો અને નીચેના પેટા અનુચ્છેદ (એફ)માં ઉલ્લેખ કરાયો હોય તે સિવાયના સંજોગોમાં, વહીવટી સુગમતા માટે ઈએમઆઈ રકમને એફઆઈઆરમાં ભિન્નતા હોવા છતાં સમાન રાખવામાં આવે છે, અને આના પરિણામે ઈએમઆઈની સંખ્યા બદલાઈ શકે છે. એફઆઈસીસીએલદ્વારા આવા દરેક એફઆઈઆર સુધારા પર ઋણલેનાર(રા) દ્વારા ચૂકવાનારા વધારાના ઈએમઆઈની સંખ્યા વિશે કોઈ જાણ નહીં કરાય.

જો કે, એફઆઈસીસીએલના નાણાકીય વર્ષમાં લાગુ પડનારા/પડેલા એફઆઈઆર તેમજ આવા ગાળા દરમિયાન ગત એફઆઈઆર સુધારાથી ચૂકવવાપાત્ર ઈએમઆઈની સંખ્યા વિશે એફઆઈસીસીએલ દ્વારા ઋણલેનાર(રા)ને વાર્ષિક ધોરણે જાણ કરાશે. વ્યાજ સહિત લોન પૂરેપૂરી ભરપાઈ ન થાય ત્યાં સુધી ઋણલેનાર(રા)એ ઈએમઆઈ ચૂકવવાના રહેશે.

(e) આ કરારમાં ઉલ્લેખ કરાયેલાથી ભિન્ન કોઈ પણ બાબત હોવા છતાં, એફઆઈઆર સંબંધે હંગામી ધોરણે, એફઆઈસીસીએલને ઈએમઆઈની રકમ અનુકૂળતા ખાતર વધારવાનો હક રહેશે જોઃ

(i) કહેવાતો ઈએમઆઈનકારાત્મક પરત ચૂકવણી આણે (એટલે કે ઈએમઆઈ સંપૂર્ણ વ્યાજને આવરી લેવા પર્યાપ્ત ન હોય) અને/ અથવા

(ii) ઈએમઆઈમાં સામેલ મુદલ એફઆઈસીસીએલ દ્વારા નિર્ધારિત આવા ગાળામાં લોનની પરત ચૂકવણી માટે અપૂરતું હોય

ઋણલેનાર(રા)એ આવા વધેલા ઈએમઆઈની રકમને એફઆઈસીસીએલ દ્વારા નક્કી કરાય તેટલી સંખ્યામાં ભરવાની રહેશે અને એફઆઈસીસીએલ તેની ઋણલેનાર(રા)ને જાણ કરશે.

(f) એફઆઈસીસીએલતેના રિટેલ પ્રાઈમ લેન્ડિંગ રેટમાં સમયાંતરે એ રીતે ફેરફાર કરી શકે છે જે તેની મુનસફીને આધિન રહેશે.

(g) ઋણલેનાર(રા)દ્વારા આવી બાકી રકમ ચૂકવવામાં કસૂર કરાશે, પછી તે બાકી રકમની પરત ચૂકવણી હોય કે પછી વ્યાજની ચૂકવણી અથવા ઋણલેનાર(રા) દ્વારા ચૂકવવાપાત્ર કોઈ પણ ચૂકવણી અથવા ઋણલેનાર(રા) દ્વારા આ કરારની કોઈ પણ શરત અથવા લોનના સંબંધમાં કોઈ પણ સાધનનો ભંગ કરાય, તો ઋણલેનાર(રા)એ બાકી નિકળતી રકમ અને વ્યાજ અથવા અન્ય કોઈ પણ ડિફોલ્ટ રકમ, વિલંબથી ચૂકવેલ વ્યાજ કે જેનો લોનસારાંશપરિશિષ્ટમાં ઉલ્લેખ કરાયો હોય તે માસિક ધોરણે અથવા એફઆઈસીસીએલ દ્વારા સમયાંતરે નિર્ધારિત કરાયેલા ગાળા મુજબ તેમજ સમયાંતરે લેખિતમાં જણાવ્યા મુજબ કસૂરની તારીખથી ચૂકવણીની તારીખ સુધી ભરવું પડશે. ઋણલેનાર(રા) અભિવ્યક્ત રીતે સંમત થાય છે કે આવા વિલંબથી ચૂકવેલા વ્યાજ માટેનો દર એ ઋણલેનાર(રા) દ્વારા કરાયેલા આવા વિલંબને કારણે એફઆઈસીસીએલને થનારા નુકસાનનો વાજબી અંદાજ હશે. આવા વિલંબથી ચૂકવેલા વ્યાજની ચૂકવણીથી ઋણલેનાર(રા) તેમની ફરજોમાંથી મુક્ત નહીં થાય જેમાં સમયસર ચૂકવણીનો સમાવેશ થાય છે અથવા તેનાથી કસૂર સહિતના સંજોગોમાં એફઆઈસીસીએલના અન્ય અધિકારો પર અસર નહીં થાય. તદુપરાંત પૂર્વગ્રહવિના અહીં ઉલ્લેખ કરાય છે કે, કસૂર થવાના પરિણામે એફઆઈસીસીએલ દ્વારા ચૂકવાનારા અથવા તેને થનારા તમામ ખર્ચ, વેરા તથા પડતરની ચૂકવણી માટે ઋણલેનાર(રા)જવાબદાર રહેશે.

(h) ઋણલેનાર(રા) લોન વિતરણની તારીખે અથવા તે પહેલા એફઆઈસીસીએલને લોનસારાંશપરિશિષ્ટમાં ઉલ્લેખ મુજબના દરે નોન-રિફંડેબલ વાર્ષિક સર્વિસ ચાર્જ/ પ્રોસેસિંગ ફી/ કમિટમેન્ટ ફી ચૂકવશે.

(i) ઋણલેનાર(રા)એ જ લોનસારાંશપરિશિષ્ટમાં ઉલ્લેખ કરાયા મુજબ એફઆઈસીસીએલને ફી અને વેરા ચૂકવવાના રહેશે જેમાં દસ્તાવેજીકરણ અને પ્રોસેસિંગ ચાર્જિસ (નોન-રિફંડેબલ), પ્રિ ઈન્સ્ટોલમેન્ટ વ્યાજ (લાગુ પડે તો) તથા ચેક બાઉન્સ ચાર્જ, ચેક/ ઈસીએસ સ્વેપ ચાર્જિસ, વિલંબથી ચૂકવેલ વ્યાજ, પરત ચૂકવણી/ વહેલી લોન ચૂકવણી ચાર્જિસ તથા અન્ય કોઈ પણ ફી કે ચાર્જિસનો સમાવેશ થશેજેનો એફઆઈસીસીએલની આંતરિક નીતિમાં સમયાંતરે ઉલ્લેખ કરાશે, અને વ્યાજ વેરા, સર્વિસ ટેક્સ, વેરા (સ્ટેમ્પ ડ્યૂટી સહિત), અને વેરા (સરકાર તથા અન્ય સત્તાવાળાઓની મુનસફી મુજબ વસૂલાતા) તથા અન્ય તમામ ખર્ચ અને પડતરો કે જે (a)લોન મંજૂરી તથા તેની પરત ચૂકવણી (b) વ્યાજ સહિત લોનની વસૂલાત અથવા પ્રાપ્તિ, (c) કોઈ પણ કાર્યવાહીને લાગુ કરવાનો સમાવેશ થાય છે પરંતુ તત્પૂરતું મર્યાદિત નહીં રહે.

(j) ઋણલેનાર(રા) દ્વારા એફઆઈસીસીએલને કરાયેલી તમામ ચૂકવણી કોઈ પણ વેરાને અનુલક્ષીને કરાનારી બાદબાકીથી મુક્ત રહેશે. જો ઋણલેનાર(રા)ને આવી કોઈ બાદબાકી કરવાની જરૂર પડે, તો તે સંજોગોમાં એફઆઈસીસીએલને ચૂકવવાપાત્ર રકમને એટલી મર્યાદામાં વધારવી કે આ બાદબાકી કર્યા બાદ પણ એફઆઈસીસીએલને એટલી રકમ (આવી બાદબાકીની કોઈ જવાબદારી વિના) પ્રાપ્ત થાય કે જે આવી બાદબાકી કરાઈ જ ન હોત તો તેને મળવાપાત્ર રકમની સમકક્ષ થાત.

(k) ઋણલેનાર(રા) એ બાબતથી સંમત થઈને ઘોષણા કરીને પુષ્ટિ કરે છે કે ભારતીય કરાર ધારા, 1872 અથવા અન્ય કોઈ પણ કાયદા અથવા કરાર અથવા કોઈ પણ સુરક્ષા દસ્તાવેજમાં ઉલ્લેખિત કોઈ પણ શરત સાથે નિસ્બત ન હોય તે રીતે, કોઈ પણ ચૂકવણી નીચેની બાબતો સાથે સમાધાન સાથે નહીં કરાય, સિવાય કે એફઆઈસીસીએલદ્વારા તેની આગોતરી સંમતિ અપાઈ હોય:

1. સર્વપ્રથમ એફઆઈસીસીએલને ચૂકવવાપાત્ર અને બાકી કોઈ પણ પડતર, ખર્ચ તથા અન્ય નાણાં;
2. બીજું એફઆઈસીસીએલને ચૂકવવાપાત્ર અને બાકી વિલંબિત ચૂકવણીનું વ્યાજ, બાકી વ્યાજ તથા અન્ય રકમ અને
3. સૌથી છેલ્લું એફઆઈસીસીએલને ચૂકવવાપાત્ર અને બાકી રહેલી મુદલ રકમના હપ્તા(ઓ)/ કોઈ પણ ઈએમઆઈની રકમ.

(l) જોઋણલેનાર(રા)અહીં દર્શાવેલી તેમની ફરજોમાંથી એકેયનું પાલન કરવામાં કસૂર કરે છે તો તેને આ કરારના અનુચ્છેદ 8 હેઠળની શરતનો ભંગ ગણાશે.

3.2 ઋણલેનાર(રા) દ્વારા લોનસારાંશપરિશિષ્ટમાં ઉલ્લેખ કરાયેલા નીચેનામાંથી કોઈ પણ માધ્યમ દ્વારાલોનની પરત ચૂકવણી કરાઈ શકે છે:

(a) ક્રોસ કરેલા પોસ્ટ ડેટેડ ચેક કે જે એફઆઈસીસીએલ ("પીડીસી")ની તરફેણમાં હોય;
(b) ઈલેક્ટ્રોનિક ક્લિયરન્સ સર્વિસીઝ (ઈસીએસ) અને પીડીસી;
(c) સીધા ઉધાર/સ્પષ્ટ સૂચનાઓ.

**3.3 પોસ્ટ ડેટેડ ચેક્સ /ઈસીએસ**:

(a) જ્યાં ઋણલેનાર(રા) લોનની રકમ અને વ્યાજની પરત ચૂકવણી માટે ઈસીએસ/પોસ્ટ-ડેટેડ ચેક્સ જારી કરવા સંમત થયા હોય તો હવેથી આવા ચેકને ઋણલેનાર(રા) દ્વારા અગાઉથી જ પ્રાપ્ત કરાયેલી પૂરતી રકમ માટે અપાતા હોવાનું ધારી લેવાશે. એફઆઈઆરમાં વિસંગતતાને લીધે તે પછીની રકમ અથવા ઈએમઆઈની સંખ્યા વધારાશે, તો ઋણલેનાર(રા)એ એફઆઈસીસીએલની માગને અનુસરીને નવેસરથી ઈસીએસ મેન્ડેટ/વધારાના પોસ્ટ ડેટેડ ચેક એફઆઈસીસીએલની તરફેણમાં લખવા પડશે.

The ઋણલેનાર(રા)એ ચૂકવણી માટે તેમના ચેકની ક્લિયર થાય તે માટે પર્યાપ્ત રકમ તેમના ખાતામાં રાખવી પડશે. ઋણલેનાર(રા) કોઈ પણ સમયે એ બેંક ખાતું બંધ નહીં કરાવે કે જેના ચેક અહીં જારી કરાયા છે અથવા તો આ કહેવાયેલા ચેકના સ્ટોપ પેમેન્ટ માટે બેંક સાથે કોઈ સંદેશાવ્યવહાર નહીં કરે તેવી અભિવ્યક્ત સંમતિ દર્શાવાય છે. ઋણલેનાર(રા) સ્વીકાર કરે છે કે ઋણલેનાર(રા) દ્વારા જારી કરાયેલા કોઈ પણ ચેક/ઈસીએસનું પેમેન્ટ નહીં થાય તો ઋણલેનાર(રા)એફઆઈસીસીએલની નીતિઓ અને તેમાં સમયાંતરે થનારા ફેરફાર અનુસાર ચૂકવવાપાત્ર થનારા ચેક ક્લિયર નહીં થવાના ચાર્જિસની ભરપાઈ કરશે. એ બાબતની પણ અભિવ્યક્ત સંમતિ દર્શાવીને મંજૂરી અપાય છે કે આવા કોઈ પણ ચાર્જિસની વસૂલાત કાયદા હેઠળ એફઆઈસીસીએલના અન્ય અધિકારો સાથે પૂર્વગ્રહયુક્ત નહીં રહે, કે જેમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, 1881, ભારતીય દંડ સંહિતા, 1860 અથવા અન્ય કોઈ કાયદાનો સમાવેશ થતો હોય. એ બાબતની પણ સંમતિ દર્શાવાય છે કે તેમાંના કોઈ પણ ચેક/ઈસીએસની બિન-પ્રસ્તુતિ નહીં થાય

એફઆઈસીસીએલ વતી

ઋણલેનાર | સહ-ઋણલેનાર | અધિકૃત હસ્તાક્ષરકર્તા



એફઆઈસીસીએલને કોઈ પણ કારણે ઋણલેનાર(રા)ની જવાબદારી લાગુ નહીં પડે. જો ઈસીએસઅથવા અન્ય કોઈ પણ પોસ્ટ ડેટેડ ચેક એફઆઈસીસીએલનેઋણલેનાર(રા)દ્વારા આ કાયદા હેઠળ કરાતી ડિલિવરી ખોવાઈ જાય, નષ્ટ થાય અથવા અન્યત્ર એફઆઈસીસીએલની કસ્ટડીમાં

ખોવાઈ જાય, અથવા હસ્તાક્ષરકર્તાના મૃત્યુ, નાદારી, ગેરલાયકતા, સત્તાની પૂર્ણતા અથવા જે બેંકનો ચેક છે તે નાદાર થાય અથવા એફઆઈસીસીએલની મુનસફીથી અન્ય કોઈ સ્થળે તબદિલ કરાવાને લીધે ચૂકવાઈ ન શકે તો તે સંજોગોમાં ઋણલેનાર(રા)એ એફઆઈસીસીએલ તરફથી સૂચના મળ્યા બાદ કામકાજના ત્રણ દિવસમાં આવા ચેક/ઈસીએસને બદલાવીને નવા ચેક/ઈસીએસને રજૂ કરી દેવા અને તેની સાથે રકમ અગાઉના ચેક/ઈસીએસની જોડવી.

ઋણલેનાર(રા)એક બેંકમાંથી બીજીમાં પોસ્ટ ડેટેડ ચેક/ઈસીએસને તબદિલ કરવા ઈચ્છે તો ઋણલેનાર(રા)એફઆઈસીસીએલને સ્વેપ ચાર્જિસની ચૂકવણી કરીને આમ કરી શકે છે જે એફઆઈસીસીએલની આંતરિક નીતિ અનુસાર પ્રવર્તતા હોય છે.

3.4 **પરત ચૂકવણી**

ઋણલેનાર(રા)પ્રથમ છ ઈએમઆઈની સંપૂર્ણ ચૂકવણી ન કરે ત્યાં સુધી બાકી વ્યાજ અને મુદલની આગોતરી ચૂકવણી કરી શકે નહીં. પરત ચૂકવણી માટેની વિનંતી એફઆઈસીસીએલને એક મહિના અગાઉ લેખિતમાં આપવાની રહેશે. એફઆઈસીસીએલલોનસારાંશપરિશિષ્ટમાં ઉલ્લેખ કરાયા અનુસાર તેમજ એફઆઈસીસીએલ દ્વારા સમયાંતરે કરાનારા ફેરફાર મુજબ નિર્ધારિત આગોતરી ચૂકવણી ચાર્જિસની વસૂલાત કરવાને હકદાર રહેશે. આ કરાર હેઠળ ઋણલેનાર(રા) અગાઉ ચૂકવાયેલી કોઈ પણ રકમની પુનઃઉધારી કે ઉપાડ કરી શકશે નહીં.

3.5 **ચૂકવણીમાં વિલંબ:**

ઋણલેનાર(રા)એ ઈએમઆઈતથા અન્ય રકમની વિના કસૂરે સંપૂર્ણ ચૂકવણી કરવી અને રકમ લેણા થતી હોય તેની સંલગ્ન તારીખે કોઈ વળતો દાવો કરવો નહીં. નિર્ધારિત તારીખે ઈએમઆઈ ચૂકવવાની ઋણલેનાર(રા)ની ફરજ વિશે તેને કોઈ નોટિસ કે જાણકારી નહીં અપાય. એફઆઈસીસીએલના અન્ય અધિકારો પરત્વે પૂર્વગ્રહ રાખ્યા વિના નિર્ધારિત તારીખે ચૂકવણીમાં વિલંબ થાય તો ઋણલેનાર(રા)એ લોનસારાંશપરિશિષ્ટમાં કરાયેલા ઉલ્લેખ મુજબ વિલંબથી ચૂકવણીનું વ્યાજ ચૂકવવું પડશે જેમાં એફઆઈસીસીએલ દ્વારા સમયાંતરે ફેરફાર કરાઈ શકે છે.

3.6 **જવાબદારી સંયુક્ત અને સઘળી રહેશે:**

જ્યાં લોન એક કરતા વધુ ઋણલેનાર(રા) અને સહ-ઋણલેનારને અપાઈ હોય ત્યાં અહીં ઉલ્લેખ કરાયેલી કોઈ પણ બાબત વિના, ઋણલેનાર(રા) અને સહ-ઋણલેનારની આ કરાર હેઠળ લોન ભરપાઈ કરવાની જવાબદારી સંયુક્ત અને સઘળી રહેશે.

3.7 આ કલમ નં.3 અથવા આ કરારની કોઈ પણ કલમ હેઠળ ચૂકવવાપાત્ર ચાર્જિસ અથવા અન્ય કોઈ પણ લેણાં જતા કરવા એ એફઆઈસીસીએલની સંપૂર્ણ મુનસફીને આધિન રહેશે જેમાં ઋણલેનારની કોઈ ભૂમિકા નહીં રહે.

## અનુચ્છેદ 4

## લોન વિતરણ પૂર્વેની શરતો

4.1 લોનનું વિતરણ કરવાની એફઆઈસીસીએલની જવાબદારી આ શરતોને આધિન રહેશે:

(a) ઋણલેનાર(રા)એફઆઈસીસીએલની ધિરાણપાત્રતાના માપદંડોને પરિપૂર્ણ કરે છે. એફઆઈસીસીએલને યોગ્ય લાગે તે રીતે તે ઋણલેનાર(રા)ની ઋણપાત્રતાની ચકાસણી કરી શકે છે કે તે વિશે પૃચ્છા કરી શકે છે. એફઆઈસીસીએલ ઋણલેનાર(રા)ની ઋણપાત્રતાને પૂરવાર કરવા તેને ફાવે તે રીતે ઋણલેનાર(રા)ની આવી લાયકાતોને પ્રશ્ન કરી શકે છે;

(b) અનુચ્છેદ 8માં કરાયેલી વ્યાખ્યા મુજબ કસૂરના સંજોગો, અને કહેવાયેલા અનુચ્છેદમાં સમયચૂક અથવા નોટિસ પસાર થવાની ગણતરી નહીં કરાય અને કસૂરના સંજોગોની ગણતરી ચાલુ જ રહેશે;

(c) ઋણલેનાર(રા)એ વિતરણ માટે વિનંતિના સમયે એફઆઈસીસીએલને સંતુષ્ઠ કરવી પડે કે તેને લોનસારાંશપરિશિષ્ટમાં કરેલા ઉલ્લેખના હેતુસર જ તેની જરૂર છે અને ઋણલેનાર(રા)એ આ માટે એફઆઈસીસીએલને સંતોષ થાય તેવા પુરાવા રજૂ કરવા પડે;

(d) એવા કોઈ અસાધારણ સંજોગો નિર્માવા ન જોઈએ જેના લીધે આ કરાર હેઠળની પોતાની ફરજોનું પાલન કરવાની અને લોન લેવાનો હેતુ પૂર્ણ કરવાની ઋણલેનાર(રા) માટેની સ્થિતિ કે સંજોગો અશક્ય જાય;

(e) જામીનગીરીનું મૂલ્ય નોંધપાત્ર રીતે ઘટી જવાના સંજોગોમાં એફઆઈસીસીએલ દ્વારા એફઆઈસીસીએલ સમક્ષ વધારાની જામીનગીરી પૂરી પાડવાનું નક્કી કરાય તો એફઆઈસીસીએલ પાસે ઋણલેનાર(રા)ને બોલાવીને આ માટે તાકીદ કરવાનો અધિકાર રહેશે અને ઋણલેનાર(રા)એ વધારાની જામીનગીરી પૂરી પાડવાની રહેશે.;

(f) એફઆઈસીસીએલ દ્વારા ચોક્કસ મંજૂરી અપાયેલી ન હોય તે સિવાયના સંજોગોમાં મિલ્કતની પ્રાપ્તિ/બાંધકામ માટે ધિરાણનો હિસ્સો પૂરો પાડતા પહેલા ઋણલેનાર(રા)એ પોતાના હિસ્સાનું યોગદાન (એટલે કે મિલ્કતની પડતર ઓછાલોન) ચૂકવેલું હોવું જોઈએ;

(g) ઋણલેનાર(રા)એ નીચેની શરતે ડિલિવરી કરવી પડે, જે એફઆઈસીસીએલને સંતુષ્ઠ કરનારી હોય:

i) લોન પ્રાપ્ત કરીને જામીનગીરીની રચના કરવાની ઋણલેનાર(રા)ની ક્ષમતા અને લોન પ્રાપ્ત કરવા જરૂરી તમામ મંજૂરીઓ અને અનુમતિઓ મળ્યાના પૂરાવા રજૂ કરવા અને/અથવા જામીનગીરીની રચના પ્રાપ્ત કરી દેવાઈ છે;

ii) જામીનગીરી દસ્તાવેજો અને/અથવા ગેરન્ટી;

iii) એ બાબતનો પૂરાવો કે ઋણલેનાર(રા) પાસે એક ચોખ્ખી અને વેચી શકાય તેવી ટાઈટલમુક્ત મિલ્કત છે જેને એફઆઈસીસીએલની તરફેણમાં ગીરો મૂકી શકાય તેમ છે;

iv) અગાઉ રજૂ કરી દેવાયેલા દસ્તાવેજોની સુધારેલી આવૃત્તિ સહિત કોઈ પણ માહિતી અને દસ્તાવેજો રજૂ કરવા, જો આ કરારની તારીખથી છ મહિના પછી લોનનું વિતરણ કરાઈ રહ્યું હોય.

v) મિલ્કત અથવા જમીનના વેચાણ માટે કરારને સહાયક પૂરાવા કે જેના માટે આ મિલ્કતનું બાંધકામ થઈ રહ્યું હોય;

vi) એવી માહિતી અને દસ્તાવેજો રજૂ કરવા, જેમાં અગાઉથી રજૂ કરાયેલા દસ્તાવેજોની સુધારેલી આવૃત્તિ હોય, જો આ કરારની તારીખથી છ મહિના પછી લોનનું વિતરણ કરાઈ રહ્યું હોય.

**અનુચ્છેદ 5**

**જામીનગીરી**

5.1 ઋણલેનાર(રા)બિનશરતી સંમતિ દાખવે છે કે, મિલકત અંગેનો તેમજ એફઆઈસીસીએલ દ્વારા સમયાંતરે માગણી કરાય તે રીતે અન્ય સંપત્તિઓનો ગીરોખત એફઆઈસીસીએલની તરફેણમાં કરીને પ્રથમ ચાર્જ થકી સુરક્ષિત કરાવીને એફઆઈસીસીએલની તરફેણમાં ગીરોખત કરાવીને આ કરાર હેઠળ ચૂકવવાપાત્ર લોન, વ્યાજ, ફી, ચા4જિસ, કમિટમેન્ટ ચાર્જિસ, દંડનીય ચાર્જિસ તથા ખર્ચ તથા લોનની ચૂકવણી અને અન્ય તમામ ખર્ચની તે પરત ચૂકવણી કરશે.

5.2 એફઆઈસીસીએલપાસે તેની સંપૂર્ણ મુનસફીને આધિન રહીને એ નક્કી કરવાનો અધિકાર રહેશે કે ગીરોખત અથવા અન્ય જામીનગીરી અને લોન મેળવવા માટે ઋણલેનાર(રા) દ્વારા રચાયેલી અન્ય જામીનગીરી અને અન્ય તમામ ઉપરોક્ત ઉલ્લેખિત રકમોનો પ્રકાર કયો છે તેમજ ઋણલેનાર(રા) જામીનગીરી રચવા અને એફઆઈસીસીએલ દ્વારા જરૂરી દસ્તાવેજોનો યોગ્ય અમલીકરણ કરવા ફરજથી બંધાયેલ રહેશે.

5.3 ઋણલેનાર(રા)એ લોન માટે કોઈ પણ બોન્ડ કે પ્રોમિસરી નોટ અમલી બનાવવાની રહેશે અને આવા તમામ દસ્તાવેજો, કુલમુખત્યારનામાં, અને કરારની એફઆઈસીસીએલને જરૂર પડી શકે છે. આવા દસ્તાવેજોની અસલએફઆઈસીસીએલની સુરક્ષિત કસ્ટડીમાં રહેશે.

| | | |
|---|---|---|
| | | એફઆઈસીસીએલ વતી |
| ઋણલેનાર | સહ-ઋણલેનાર | અધિકૃત હસ્તાક્ષરકર્તા |



5.4 અહીં રજૂ કરાયેલી જામીનગીરીને ઋણલેનાર(રા)એ લીધેલી લોન સંબંધે સાતત્યપૂર્ણ જામીનગીરી ગણાશે. જામીનગીરીનો લોનની રકમ બાકી હોય ત્યાં સુધી નિકાલ કરી શકાશે નહીં અને તેની સંપૂર્ણ ભરપાઈ થયે અને એફઆઈસીસીએલને તેનો સંતોષ થયે એફઆઈસીસીએલ દ્વારા આવી કોઈ જામીનગીરીના નિકાલ માટે ઋણલેનાર(રા)ને લેખિતમાં સંમતિ અપાશે.

5.5 લોનના પ્રથમ વિતરણના સાત દિવસમાં અથવા એફઆઈસીસીએલ દ્વારા નિર્દેશ કરાય તે રીતે જામીનગીરી રચાવી જોઈએ. વિલંબના સંજોગોમાં ઋણલેનાર(રા)એ ઉપરોક્ત બાબતોનું પાલન કરવું અને પછી એફઆઈસીસીએલ વધારાનું @ 4 %ના દરે વ્યાજ લેવાને હકદાર રહેશે જે લોનની બાકી રકમ ગણાશે. એફઆઈસીસીએલના અન્ય અધિકારો અને ઉપચારો સાથે પૂર્વગ્રહમુક્ત રીતે વધારાના વ્યાજની ચૂકવણીની જવાબદારી રહેશે.

5.6 આ કરારને સહાયક થવાના કોઈ પણ સમયે એફઆઈસીસીએલને લાગે કે ઋણલેનાર(રા)એ પૂરી પાડેલી જામીનગીરી એફઆઈસીસીએલને ચૂકવવાપાત્ર શેષને આવરી લેવા અપૂરતી છે તો એફઆઈસીસીએલ તે અંગે ઋણલેનાર(રા)ને સલાહ આપ્યે, ઋણલેનાર(રા)એ એફઆઈસીસીએલને સતેષ થાય તે રીતે, એફઆઈસીસીએલને એવી વધારાની જામીનગીરી પૂરી પાડવાની રહેશે જેનાથી એફઆઈસીસીએલને આવી ઉણપને આવરી લેવાનો સંતોષ થાય. ઋણલેનાર(રા)એ એવી પણ ખાતરી આપવી પડશે કે કે લોન સંબંધે સમયાંતરે એફઆઈસીસીએલ દ્વારા માગણી કરાય ત્યારે આવા દસ્તાવેજો રજૂ કરશે.

**અનુચ્છેદ 6**

**ઋણલેનાર(રા)ની રજૂઆત અને વોરન્ટીઓ**

6.1 ઋણલેનાર(રા)આ સાથે ઘોષણા, રજૂઆત અને વોરન્ટ કરે છે કે:

a) ઋણલેનાર(રા)વાકેફ છે કે એફઆઈસીસીએલઋણલેનાર(રા) દ્વારા કરાયેલી રજૂઆતો પર ભરોસો રાખી તેની લોનઅરજીના આધારે તેને લોન આપવા સંમત થઈ છે અને માને છે કે તે વિગતો ખરી અને સાચી છે;

b) ઋણલેનાર(રા)એ તેની અરજીમાં આપેલી વિગતો અને અગાઉ અથવા પછી અપાનારી કોઈ પણ વિગતો કે એફઆઈસીસીએલ સમક્ષ લોનના સંબંધમાં કરાનારા ખુલાસા ખરા, સંપૂર્ણ, સચટ અને તમામ સંજોગોમાં સાચા હશે તેમજ ઋણલેનાર(રા) દ્વારા પૂરી પાડવી જરૂરી હોય તેવી કોઈ પણ વિગત એફઆઈસીસીએલ લોન પૂરી પાડવા માટે લલચાય તે હેતુથી છૂપાવી નહીં હોય;

(c) આ અરજીસંબંધે ઋણલેનાર(રા)ની નાણાકીય સ્થિતિમાં કોઈ વિપરીત ભૌતિક ફેરફાર નથી કરાયો અથવા એવી કોઈ ઘટના ઘટી નથી જે લોન ફાળવવા સંબંધે એફઆઈસીસીએલના હિત અંગે પૂર્વગ્રહયુક્ત હોય અને/અથવા આ કરાર હેઠળની તમામ ફરજોનું પાલન કરવાની ઋણલેનાર(રા)ની ક્ષમતા પર વિપરીત અસર કરે;

(d) મિલ્કત પર સંપૂર્ણ કે આંશિક રીતે અગાઉથી કોઈ ગીરોખત, ચાર્જિસ, બોજ કે ભાર કે અન્ય કોઈ બોજો કોઈ પણ રીતે ન હોય;

(e) મિલ્કત સંબંધે કોઈ પ્રાપ્તિ કે માગણી અંગેનો દાવો કરતી નોટિસ આવેલી ન હોય અને મિલ્કત સામે કોઈ હેતુસર વિપરીત દાવો આંશિક કે સંપૂર્ણ રીતે થયેલો ન હોય;

(f) ઋણલેનાર(રા)મિલ્કતનો સંપૂર્ણ કબજો અને ભોગવટો ધરાવતા હોય અને મિલ્કતને વેચવાનો ઋણલેનાર(રા) પાસે સંપૂર્ણ અધિકાર હોય જેને તે એફઆઈસીસીએલની તરફેણમાં ગીરોખત કરી શકે તેમ હોય;

(g) આ કરારની તારીખના રોજ ઋણલેનાર(રા) પર કોઈ દાવો, કાનૂની કાર્યવાહી કે તકરારરૂપી પગલાં કે તેની ભીતિ ન હોય, જેની વિપરીત અસરને કારણે ઋણલેનાર(રા)ની લોન પરત ચૂકવવાની ક્ષમતાને અસર થાય અથવા તો ઋણલેનાર(રા)ની નાણાકીય સ્થિતિ પર જેની ભૌતિક રીતે વિપરીત અસર થાય;

(h) ઋણલેનાર(રા)એ બાબતથી પરિચિત છે કે મિલ્કતના ટાઈટલને અસર કરનાર કોઈ પણ દસ્તાવેજ, ચુકાદો કે કાનૂની કાર્યવાહી કે અન્ય ચાર્જિસ કે હક-દાવા અથવા અન્ય કોઈ પણ મિલ્કત અથવા તેના ટાઈટલનીભૌતિક ખોડ કે જે છુપાવેલી હોય અથવા તો જેના લીધે એફઆઈસીસીએલને પૂર્વગ્રહ રીતે અસર થઈ શકે તે વિગતો એફઆઈસીસીએલને જણાવી દેવાઈ છે અને તે અંગે એફઆઈસીસીએલને જરૂરી દસ્તાવેજો આપી દેવાયા છે;

(i) ઋણલેનાર(રા)નીમિલ્કતકેન્દ્ર/ રાજ્ય સરકારની કોઈ પણ યોજના અથવા અન્ય જાહેર સંસ્થા અથવા સ્થાનિક સુધરાઈ અથવા અન્ય જોડાણ, વ્યાપ અથવા કેન્દ્ર/ રાજ્ય સરકારની અન્ય કોઈ યોજના હેઠળ રોડના બાંધકામ અથવા કોઈ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, ગ્રામ પંચાયત કે પછી કોઈ સુધારણા ટ્રસ્ટ વગેરેથી અસરગ્રસ્ત નથી;

(j) મિલ્કત સંબંધે કોઈ પણ અદાલતમાં કોઈ દાવો પડતર નથી કે ઋણલેનાર(રા) સામે સ્થાનિક સુધરાઈ અથવા ગ્રામ પંચાયત અથવા સ્થાનિક સત્તાવાળાઓ, સરકારી અથવા કોઈ અન્ય વૈધાનિક સંસ્થા સંબંધે મ્યુનિસિપલ ધારાની જોગવાઈ હેઠળ કોઈ નિયમભંગની નોટિસ નથી;

(k) ઋણલેનાર(રા)એ તમામ મંજૂરીઓ, સંમતિ અથવા અનુમતિ પ્રાપ્ત કરી લીધી છે, અને જરૂર પડ્યે સરકારી અથવા કોઈ વૈધાનિક સંસ્થા કે નાણાકીય સંસ્થા, એજન્સી અથવા સત્તાવાળાની લોન લેવા કે જામીનગીરીની રચના માટેની મંજૂરી મેળવી આપશે જ્યાં સુધી એફઆઈસીસીએલને તે લોનની સંપૂર્ણ ચૂકવણી કરી ન દે અને તમામ સમયેઆવી મંજૂરીઓ, અનુમતિઓ, સંમતિઓને માન્ય રાખશે;

(l) કરારઅને અહીંના સંદર્ભમાં અમલી બનાવાનારા દસ્તાવેજો જ્યારે ડિલિવર કરાશે ત્યારે તે ઋણલેનાર(રા)ને માન્ય અને બંધનકર્તા રહેશે;

(m) ઋણલેનાર(રા)એ કોઈ પગલાં નથી લીધા અથવા ઋણલેનાર(રા)અથવા તેમની તમામ અથવા કોઈ સંપત્તિ સામે તેના વહીવટ, માન્યતા, નાદારી, દેવાળા અથવા રિસિવર, વહીવટકર્તા અથવા કોર્ટ અધિકારીની નિમણૂંક માટે કોઈ પગલાં નથી લેવાયા;

(n) એવો કોઈ ભૌતિક ફેરફાર નથી થયો જેના કારણે મિલ્કતના બાંધકામને અસર થાય;

(o) આ કરારનો અમલ અને ડિલિવરી અને તેની ફરજોની કામગીરી આ સાથે (i) કોઈ પણ લાગુ પડતા કાયદા, ધારા કે નિયમન કે ડિક્રી માટેના કોઈ ચુકાદા સાથે વિસંગત નથી થતી કે જેમાં ઋણલેનાર(રા)વિષય હોય, (ii) એવા કોઈ પ્રવર્તમાન કરાર હેઠળ નિર્ધારિત અને સ્થાપિત કોઈ શરતો સમક્ષ કસૂર નથી કરતી અથવા તેના પરિણામે કોઈ ઉલ્લંઘન નથી થતું જેમાં ઋણલેનાર(રા)વિષય હોય, અથવા (iii) ઋણલેનાર(રા)ના અન્ય બંધારણીય દસ્તાવેજો અથવા સોસાયટીના નીતિ-નિયમો/ ટ્રસ્ટ ખત/ જોડાણનો ખતપત્ર અને આવેદનની કોઈ પણ જોગવાઈનું ઉલ્લંઘન નથી કરતો;

(p) ઋણલેનાર(રા)ની નાણાકીય સ્થિતમાં કોઈ ભૌતિકક વિપરીત અસર નથી થતી, અથવા એવી કોઈ ઘટના નથી બની જે ઋણલેનાર(રા)ના છેલ્લા ઓડિટ કરાયેલા હિસાબોની તારીખ પછી એફઆઈસીસીએલના વ્યાજ પરત્વે પૂર્વગ્રહયુક્ત હોય જેથી આ કરાર હેઠળની પોતાની તમામ અથવા કોઈ પણ શરતનું પાલન કરવાની ઋણલેનાર(રા)ની ક્ષમતા પર વિપરીત અસર પડી હોય;

(q) ઋણલેનાર(રા)ની ક્ષમતા, ધિરાણ પરત્વે ભૌતિક રીતે વિસંગત, ઘટનાઓ કે કોઈ સંજોગો, હકીકતો અહીં આ કરારની ફરજોનું પાલન કરવામાં નડતી ન હોવી જોઈએ અને/ અથવા લોનના સંબંધમાં અને/ અથવા ઋણલેનાર(રા)ની નાણાકીય સ્થિતિ, અને/ અથવા અહીં દર્શાવ્યા મુજબ પોતાના અધિકારોને ભોગવવાની એફઆઈસીસીએલની ક્ષમતા અને/ લોન હેઠળ ઋણલેનાર(રા) દ્વારા ચૂકવવાપાત્ર રકમની ચૂકવણીને અસરકર્તા ન હોવી જોઈએ અને ઋણલેનાર(રા)ના અંદાજ મુજબ થઈ શકે તેમ હોય;

(r) The ઋણલેનાર(રા) એ મિલ્કતનો સંપૂર્ણ કબજો અને ભોગવટો ધરાવતા હોવો જોઈએ અને એફઆઈસીસીએલની આગોતરી લેખિત મંજૂરી (જેમાં એફઆઈસીસીએલ ઈનકાર કરવાનો મુનસફીપૂર્ણ અધિકાર ધરાવે છે) વિના ઋણલેનાર(રા) મિલ્કતને ભાડાપટ્ટે/ રજા પર અને પરવાના પર કોઈ અન્ય પક્ષકારને આપી શકે નહીં.

| | | |
|---|---|---|
| | | એફઆઈસીસીએલ વતી |
| ઋણલેનાર | સહ-ઋણલેનાર | અધિકૃત હસ્તાક્ષરકર્તા |

(s) The ઋણલેનાર(રા) રજૂઆત અને માગ કરે છે કે ઋણલેનાર(રા) કોઈ પણ સંજોગોમાં અને/ અથવા કોઈ પણ આધારે એફઆઈસીસીએલ પાસે પ્રત્યક્ષ કે પરોક્ષ કે પરિણામસ્વરૂપી કોઈ પણ શિક્ષાત્મક નુકસાન કે વળતરની માગણી કરશે નહીં કે જે અહીં આચરાયેલ વ્યવહાર કે સુવિધાથી સંકલિત હોય અથવા એફઆઈસીસીએલને પોતાના વ્યાજ અને એક ધીરધાર તરીકે પોતાના અધિકારોના રક્ષણ માટે એફઆઈસીસીએલને યોગ્ય લાવે તેવા પગલાંથી બાકાત રહેતી કે લેવાતી કામગીરીની સાથે સંકળાયેલા હોય.

(t) આ કરારના અનુસંધાનમાં લોનના હપ્તા અથવા અન્ય બાકી લેણાની રકમની પરત ચૂકવણીમાં ઋણલેનાર(રા) કસૂર કરે તો એફઆઈસીસીએલ પાસે આ મિલ્કતને વેચવા, જોડવા કે એફઆઈસીસીએલને ફાવે તે રીતે નિકાલ કરવાની સંપૂર્ણ છૂટ રહેશે અને ઋણલેનાર(રા) કોઈ પણ વાંધા-વિરોધ વિના ચૂપચાપ શાંતિપૂર્ણ રીતે આ મિલ્કતનો કબજો સોંપી દેશે અને આ મિલ્કતને કબજામાં લેવાની એફઆઈસીસીએલને પૂરેપૂરી છૂટ રહેશે.

6.2 The ઋણલેનાર(રા)ખાતરી આપે છે કે, આ કરાર થયા બાદ તેને એવા કોઈ સંજોગોની માહિતી મળશે કે જેનાથી ઋણલેનાર(રા)ની સંભાવનાઓ અથવા વ્યાપારની સ્થિતિ અથવા નાણાકીય બાબતોના સંબંધમાં ગેરમાર્ગે દોરનાર અથવા ખોટી અને સચોટ ન હોય તેવી વોરન્ટી કે રજૂઆત થઈ શકે તેવી હશે તો તે યોગ્ય રીતે એફઆઈસીસીએલને તેની જાણ કરશે.

## અનુચ્છેદ 7

## સનદ

**7.1 હકારાત્મક સનદો:**

ઋણલેનાર(રા)સનદ કરીને ખાતરી આપે છે કે આ કરાર હેઠળ કોઈ પણ રકમ બાકી હશે અને અહીં ઉલ્લેખ કરાયેલી સઘળી રકમની સંપૂર્ણ અને અંતિમ ચૂકવણી નહીં થાય ત્યાં સુધી તે આટલું કરશે, સિવાય કે એફઆઈસીસીએલે લેખિતમાં તેમાં છૂટ આપી હોય:

(a) લોનનો સંપૂર્ણપણે એફઆઈસીસીએલ સમક્ષ કરાયેલા ઉલ્લેખ મુજબની સુવિધા માટે જ ઉપયોગ કરશે અને બીજા કોઈ હેતુ માટે નહીં;

(b) લોનઅને વ્યાજની તે સાથે અને એફઆઈસીસીએલસમક્ષ આ કરારમાં બાકી નિકળતી રકમની એફઆઈસીસીએલ માગણી કરે ત્યારે ચૂકવણી કરશે. પરત ચૂકવણી પરિશિષ્ટમાં જોગવાઈ હોય કે ન હોય, ઋણલેનાર(રા)સંમત થાય છે કે એફઆઈસીસીએલપાસે આ કરારમાં ઉલ્લેખ કરાયેલા તમામ બાકી લેણાં સહિત પૂરેપૂરી લોનની માગણી કર્યે ચૂકવણી વસૂલવાનો અધિકાર રહેશે;

(c) આ કરારની તમામ શરતોનું પાલન કરવું અને જ્યાં પણ જરૂર લાગે ત્યાં સઘળી સંમતિઓ, અધિકૃતતા, પરવાના અને મંજૂરીઓનો સંપૂર્ણ બળથી અમલ કરવો કે જેના થકી તેને આ કરારની શરતોનું પાલન કરાવવાની સક્ષમતા સાંપડે અને આ કરારની કાયદેસરતા, માન્યતા, અમલ કરવાની શક્યતા સુનિશ્ચિત કરી શકાય.;

(d) એફઆઈસીસીએલને કોઈ પણ ભૌતિક દાવા, લવાદ કે અન્ય કાર્યવાહી વિશેજાણ કરવી કે જેનાથી ઋણલેનાર(રા)ને અસર થાય, ઋણલેનાર(રા) સામે નાણાંના દાવા માટે કોઈ પણ વ્યક્તિ દ્વારા આવી કોઈ કાર્યવાહી કરાય કે તે કરવાની ધમકી અપાય અથવા ઋણલેનાર(રા) સામે કે ઋણલેનાર(રા) દ્વારા અપાયેલી જામીનગીરી સામે અમલી બનાવાય;

(e) એફઆઈસીસીએલને શાંતિપૂર્વક એવી કોઈ પણ ઘટના વિશે જણાવી દે કે જેનાથી વાકેફ થવાથી ઋણલેનાર(રા)ને વિપરીત અસર થાય અથવા આ કરાર હેઠળ તેની ફરજોનું પાલન કરવાની તેની ક્ષમતાને અસર થાય;

f) એફઆઈસીસીએલને ડિફોલ્ટની એવી કોઈ પણ ઘટનાની અને તેના ઉપાય માટે લેવાયેલાં પગલાંની જાણ કરે અને એફઆઈસીસીએલ દ્વારા વિનંતી કરાય તો એફઆઈસીસીએલને તેની લેખિતમાં પુષ્ટિ કરે જેનાથી એવી પુષ્ટિ થાય કે કોઈ કસૂર થયો નથી અને પ્રક્રિયા ચાલુ છે;

(g) મિલ્કતને સારી સ્થિતિમાં જાળવે અને આગ, ભૂકંપ, પૂર, વંટોળ, વાવાઝોડા અથવા ઈશ્વરજન્ય કૃત્યથી મિલ્કતને થયેલા કોઈ પણ નુકસાન વિશે તુરત જાણ કરે;

(h) એફઆઈસીસીએલને ઋણલેનાર(રા)ના વ્યવસાય અથવા વ્યાપાર/ રોજગારમાં થનારા કોઈપણ ફેરફારની 7 દિવસમાં જાણ કરે;

(i) યોગ્ય રીતે મિલ્કત જાળવવાના તમામ નીતિ-નિયમોનું પાલન કરે અને સહકારી મંડળી, સંગઠન, કંપની અથવા લાગુ પડતી અન્ય કોઈ પણ સત્તાના નિયમોનું પાલન કરે અને મિલ્કત અથવા તેના ઉપયોગને લગતા કોઈ પણ વેરા, ચાર્જિસ, અને ખર્ચની ચૂકવણી કરે;

(j) આગ અને અન્ય જોખમો તથા નુકસાન સામે મિલ્કતનો વીમો એફઆઈસીસીએલને સ્વીકાર્ય એવી કોઈ પણ વીમાકંપની પાસે ઉતારી રાખે, અને તે પણ એટલી રકમનો કે જેની એફઆઈસીસીએલને જરૂર હોય અને એફઆઈસીસીએલને એકમાત્ર લાભાર્થી તરીકે દર્શાવે જ્યાં પણ જરૂર પડે તેના પૂરાવા રજૂ કરે;

(k) એફઆઈસીસીએલ, તેના અધિકારીઓ, કર્મચારીઓ, એજન્ટો અથવા એફઆઈસીસીએલદ્વારા અધિકૃત કોઈપણ વ્યક્તિને મિલ્કતની ચકાસણી હેતુ તમામ વાજબી સમયે મિલ્કત સુધી પહોંચ પ્રાપ્ત કરવા દે;

(l) કોઈ પણ સરકારી સંસ્થા કે સત્તાવાળાને ચૂકવવાપાત્ર તમામ વેરા, આકારણી વેરા, જકાત અથવા ખર્ચની નિયમિત રીતે ચૂકવણી કરે;

(m) તમામ સરકારી વેરા, આકારણી વેરા, જકાત અથવા દંડની ચૂકવણી કરી તેને એફઆઈસીસીએલને મજરે આપે અથવા તો આ કરાર અથવા અહીં જારી કરાયેલા સાધનને આધિન રહે;

(n) એફઆઈસીસીએલની વિનંતીએ કરારના આવા કાર્યો, ખત, દસ્તાવેજો અને ખાતરીઓનો અમલીકરણ કરે કે જે આ કરારના હેતુ માટે જરૂરી હોય;

(o) એફઆઈસીસીએલને જરૂર હોય તે રીતે જામીનગીરી રચે અને જામીનગીરી દસ્તાવેજો પૂરા પાડે.

**7.2 નકારાત્મક સનદો:**

ઋણલેનાર(રા)વધુમાં સનદ અને ખાતરી આપે છે કે આ કરાર હેઠળ કોઈ પણ રકમ બાકી રહે છે અને અહીં ઉલ્લેખિત સઘળા નાણાંની અંતિમ અને સંપૂર્ણ ચૂકવણી થઈ જાય છે, ત્યાં સુધી તે એફઆઈસીસીએલની આગોતરી અને લેખિત સંમતિ વિના આમ નહીં કરે:

(a) લોનનોકોઈ પણ શેરસટ્ટા કે કોઈ ગેરકાયદે કે અસામાજિક કે બિનઉપજાઉ હેતુસર ઉપયોગ નહીં કરે અને લોનનો અંતિમ ઉપયોગ આ અરજીમાં ઋણલેનાર(રા) દ્વારા એફઆઈસીસીએલને કરાયેલી ઘોષણા મુજબ જ રહેશે;

(b) મિલ્કતના કબજા સાથે કે ભાગમાં કોઈને પણ ભાડાપટ્ટો, કે પરવાનો કે કબજો નહીં આપે;

(c) મિલ્કતનું કોઈ પણ ત્રાહિત પક્ષનું હિત રહે તે રીતે વેચાણ, ગીરોખત કે ભાડાપટ્ટે સોંપણી નહીં કરે અથવા તો મિલ્કતમાં કોઈ પણ પ્રકારે હક કે બોજો આવે તેવી કાર્યવાહીને મંજૂરી નહીં આપે;

(d) મિલ્કતના ઉપયોગમાં ફેરફાર કરે;

(e) આ મિલ્કતને ઋણલેનાર(રા)ની અન્ય કોઈ મિલ્કત, અથવા પાડોશની મિલ્કત સાથે જોડી દે, અથવા મિલ્કતમાંથી કોઈને રસ્તાનો અધિકાર આપે અથવા મિલ્કતને અન્ય રીતે હળવી કરે;

(f) કોઈ પણ કુલમુખત્યારનામું, નુકસાન રક્ષણ કે અન્ય ખતને કોઈ ત્રાહિતપક્ષની તરફેણમાં અમલી બનાવીને આવી વ્યક્તિને મિલ્કતમાં કોઈ પણ વ્યવહાર કરવા દે;

(g) મિલ્કતની કોઈ પણ પારિવારિક વ્યવસ્થા કે ભાગ પાડવામાં સોંપણી કરે અથવા મિલ્કતને એચયુએફ સંપત્તિમાં તબદિલ કરે;

(h) એફઆઈસીસીએલના નિયમો અનુસાર વ્યાજ અને લોન તથા અન્ય કોઈ પણ રકમની સંપૂર્ણ ચૂકવણી કર્યા વિના રોજગાર કે વેપાર માટે ભારત છોડે અથવા લાંબા સમય માટે વિદેશમાં રોકાણ માટે જાય;

| | | |
|---|---|---|
| | | એફઆઈસીસીએલ વતી |
| ઋણલેનાર | સહ-ઋણલેનાર | અધિકૃત હસ્તાક્ષરકર્તા |



(i) આ લોન લેવાઈ છે તે હેતુ માટે કોઈ પણ વ્યક્તિ/ બેંક/ નાણાકીય સંસ્થા પાસેથી વધુ કોઈ લોન અને/ અથવા નાણાકીય સુવિધા મેળવે;

**અનુચ્છેદ 8**

**કસૂરના સંજોગો**

8.1 નીચેનામાંથી કોઈ પણ ઘટના, કે અહીં ઉલ્લેખિત ઘટના બને તો તે દરેકને કસૂરના સંજોગ તરીકે ગણી લેવાશે:

(a) **બિન-ચૂકવણી**:

જો ઋણલેનાર(રા)વ્યાજ હોય કે મુદલ અથવા આ કરાર હેઠળની કોઈ પણ રકમ નિર્ધારિત કરાયેલા સમયગાળાની અંદર ચૂકવવામાં નિષ્ફળ જાય છે અને તેને લગતા દસ્તાવેજને અમલી અથવા લિખિત કરાય છે;

(b) **સામાન્ય કસૂર:**

આ કરાર અને લોન હેઠળ ઋણલેનાર(રા) તેની કોઈ પણ ફરજ કે ખાતરીનું પાલન કરવામાં કસૂર કરે છે પછી તે આ કરારમાં ઉલ્લેખિત વોરન્ટી અથવા રજૂઆત સહિતની કોઈ શરત કે જોગવાઈ હોય;

(c) **ખોટી રજૂઆત:**

આ કરારને લાગુ પડે તે રીતે ઋણલેનાર(રા) દ્વારા કોઈ પણ રજૂઆત કે ખાતરી કે આશ્વાસન કે સનદ અપાય અથવા કોઈ પણ નોટિસ, પ્રમાણપત્ર અથવા નિવેદન અથવા અન્ય લેખિત રજૂઆત સંદર્ભિત કરાય અથવા તેને ગેરમાર્ગે દોરનાર કે કોઈ પણ સંદર્ભમાં ખોટું ગણાય;

(d) **ક્રોસ ડિફોલ્ટ**: પોતાની જવાબદારીનું પાલન કરવામાં ઋણલેનાર(રા)નો કોઈ પણ કસૂર કે અન્ય કોઈ કરાર અથવા ઋણલેનાર(રા) અને એફઆઈસીસીએલ વચ્ચે લેખિત સમજૂતિના પાલનમાં કસૂર અથવા અન્ય કોઈ કરાર અથવા ઋણલેનાર(રા)ના દેવાનું લેખન, અથવા અન્ય સનદ, શરત અથવા ખાતરીની પરિપૂર્ણતામાં કસૂર અથવા ઋણલેનાર(રા)નું એવું કોઈ દેવું કે જે ચૂકવાયું ન હોય અથવા ઋણલેનાર(રા)ના કોઈ ધીરધાર કોઈ પણ બાકી લેણા અને જે તારીખે વસૂલવાના થતા હોય તે પહેલા ચૂકવવા પાત્ર દેવા અથવા કોઈ ગેરન્ટી કે નુકસાન ભરપાઈની ખાતરી કે જામીનગીરી અથવા અન્ય સહાયક કરાર કે જે ઋણલેનાર(રા) દ્વારા કરાયો હોય તેનું સમયસર પાલન કરાયું ન હોય;

(e) **દેવું ચૂકવવાની અસક્ષમતા:**

ઋણલેનાર(રા) તેમના દેવા તેમજ એક અથવા વધુ ધીરધારો સાથે કરાયેલા કરારોનું પાલન કરવામાં નિષ્ફળ રહે છે અને જેમાં પુનર્ગઠન કરાય છે જે નાણાકીય મુશ્કેલીઓ અથવા કોઈ કસૂર, કસૂરની ઘટનાઓ અથવા કસૂરની સંભવિત કરારની ઘટનાઓ સાથે આ કરાર હેઠળ સંકલિત

હોય છે, જે કોઈ પણ દેવા અને/ અથવા ધીરધારોની રચનાના લાભ માટે સામાન્ય ફાળવણી કરાઈ હોય અને/ અથવા કબૂલ કરે અથવા સંપૂર્ણ જવાબદારી ચૂકવવા આદેશ કરે અથવા આવી જવાબદારી યોગ્ય સમયે ચૂકવાય નહીં (એ શરતે કે કોઈ પણ દેવાની પેટા-કલમમાં સંદર્ભના અનુસંધાનમાં શંકાને નિવારવા કોઈ પણ દેવાને બોનાફાઈડ તકરારબદ્ધ ન ગણાય અને જેના સંબંધમાં કોઈ કોર્ટ આદેશ ઋણલેનાર(રા) સામે આવા દેવાની ચૂકવણી માટે કરાયો ન હોય;

(f) **હુકમનામાને લગતી રકમની ચૂકવણી ન કરવી:**

ઋણલેનાર(રા) વિરુદ્ધ ચુકાદા અથવા કોર્ટ આદેશ અથવા ડિક્રી હેઠળ ઋણલેનાર(રા)ચૂકવણી કરવામાં નિષ્ફળ રહે;

(g) **અમલીકરણની શુલ્ક અથવા દુર્દશા:**

મિલ્કત પર કોઈ તણાવ કે અમલીકરણ વસૂલાય અથવા તેની પર કોઈ બોજો આવે કે અન્ય કોઈ અધિકારી આંશિક કે સંપૂર્ણ કબજો લે, તો ઋણલેનાર(રા)ની અસ્ક્યામતો અથવા ખાતરી અથવા મિલ્કત પરનો સંપૂર્ણ કે આંશિક બોજો આવે તો ઋણલેનાર(રા)ની અસ્ક્યામતો અથવા ખાતરી લાગુ કરવા પાત્ર બને;

(h) **વ્યાપારની જપ્તી:**

ઋણલેનાર(રા) અહીં ઉલ્લેખિત તારીખના રોજ કરી રહ્યો હોય તે વ્યાપારને હાથ ધરવાનું બંધ કરવાની ધમકી આપે કે બંધ કરે;

(i) **નાદારી:**

ઋણલેનાર(રા)એવા કોઈ પણ પગલાં કે કાનૂની પગલાં કે પ્રક્રિયા લે કે શરૂ કરે કે પગલાં લે કે જેમાં (i) ઋણલેનાર(રા)ને નાદાર કે દેવાળિયો ઠેરવાય, (ii) ઋણલેનાર(રા)નું ઉઠમણું અથવા વેપાર સમેટવોઅથવા (iii) ઋણલેનાર(રા) માટે તેની ખાતરીઓ, અસ્ક્યામતો અને સંપત્તિ માટે આંશિક કે સંપૂર્ણપણે લિક્વીડેટર, વહીવટદાર, ટ્રસ્ટી કે રિસિવર અથવા અન્ય કોઈ અધિકારી કે સંસ્થાની નિમણૂંક કરાય;

(j) **ફરજિયાત હસ્તાંતરણ:**

ઋણલેનાર(રા)ની સઘળી અથવા આંશિક સંપત્તિ અથવા અસ્ક્યામતો અથવા તેના વ્યાજને હવે પછી જપ્ત કરાય, રાષ્ટ્રીયકૃત કરાય, તફડાવી લેવાય કે સરકાર કે અન્ય સંસ્થા દ્વારા ફરજિયાત હસ્તગત કરાય;

(k) **અસ્વીકાર:**

ઋણલેનાર(રા) આ કરારનો અસ્વીકાર કરે અથવા એવું કૃત્ય કરે કે જેનાથી આ કરારનો અસ્વીકાર કરવાનો તેનો ઈરાદો દર્શાવાય;

(l) **માલિકીપણા/ સંચાલનમાં ફેરફાર:**

ઋણલેનાર(રા)ના માલિકીપણા અથવા સંચાલનમાં કોઈ પણ ભૌતિક ફેરફાર આવે કે જે એફઆઈસીસીએલના સંપૂર્ણ અભિપ્રાયમાં પૂર્વગ્રહરીતે એફઆઈસીસીએલના વ્યાજને અસર કરે;

(m). **ભૌતિક વિપરીત ફેરફાર:**

એવી કોઈ ઘટના બને કે જેવી કે એફઆઈસીસીએલ દ્વારા ઋણલેનાર(રા)ના વેપાર કે નાણાકીય કે અન્ય સ્થિતિ કે કામગીરીમાં કોઈ વિપરીત ભૌતિક ફેરફાર થયાનું નિર્ધારણ કરાય, કે જે એફઆઈસીસીએલના મતે તેના હિતો પરત્વે પૂર્વગ્રહયુક્ત હોય અથવા તો એફઆઈસીસીએલના સંપૂર્ણ મતે ઋણલેનાર(રા)ની નાણાકીય સ્થિતિને અને/અથવા તેની આ કરાર હેઠળની શરતોનું પાલન કરવાની તેની ક્ષમતાને અને/અથવા આ કરારની કોઈ પણ શરત હેઠળ લોનના અનુસંધાનમાં અને/અથવા લોનનેભૌતિકરીતે અસરકર્તા થાય;

(n). **જામીનગીરીને ઘસારો:**

જો કોઈ મિલ્કત કે જેની પર લોન માટે જામીનગીરી રચાઈ હોય તેનું મૂલ્ય એ હદે ઘસાતું જાય કે એફઆઈસીસીએલના મતે વધુ જામીનગીરીની જરૂર હોય અને આવી વધુ જામીનગીરી પૂરી ન પડાય

(o) **મિલ્કતનું વેચાણ/નિકાલ:**

જો મિલ્કત કે અન્ય કોઈ ભાગને ભાડે, ભાડાપટ્ટે અપાય, વેચાય, નિકાલ કરાય, ચાર્જ કરાય, બોજા પર આવે અથવા અન્ય રીતે અલગ તારવાય.

એફઆઈસીસીએલ વતી

| | | |
|---|---|---|
| ઋણલેનાર | સહ-ઋણલેનાર | અધિકૃત હસ્તાક્ષરકર્તા |



(p) **કસૂરના વધુ બનાવો:**

(i) ઋણલેનાર(રા) લોન કે તેના કોઈ ભાગનો દુરુપયોગ અથવા એફઆઈસીસીએલ દ્વારા જે હેતુ માટે લોન મંજૂર કરાઈ છે તે સિવાયના હેતુ માટે ઉપયોગ કરે;

(ii) આ કરારના પૂરાવામાં સ્વીકાર્ય અથવા લાગુ પડે તે રીતે અમલીકરણ, ડિલિવરી, માન્યતા, અમલીકર્તાની સાથે જોડાણમાં ઋણલેનાર(રા) દ્વારા સરકારી કે જાહેર સંસ્થા કે સત્તાવાળાઓની સમક્ષ કરાયેલી નોંધણી અથવા જાહેર કે વૈધાનિક કે નિયમનકારી સત્તા સમક્ષની ઘોષણા કે નોંધણી અથવા પરવાનો કે તેના જેવી સત્તા કે સંમતિ અથવા તો હવે પછી ઋણલેનાર(રા) દ્વારા કરાયેલો અમલ અને/ અથવા લોનના અનુસંધાનમાં એ રીતે સુધારાય કે જે એફઆઈસીસીએલને અસ્વીકાર્ય હોય અથવા જેની કોઈ ફાળવણી કે અમલ ન કરાયો હોય અથવા જેની મુદત પૂર્ણ થતી હોય અથવા તે સંબંધમાં પૂર્ણ અમલમાં હોય;

(iii) એફઆઈસીસીએલની સંપૂર્ણ મુનસફીમાં હોય ત્યારે લોનની રકમની ચૂકવણી ન કરાઈ હોવાનું નિર્ધારણ થવાની શક્યતા છે.

(iv) ઋણલેનાર(રા) દ્વારા એફઆઈસીસીએલની આગોતરી લેખિત સંમતિ વિના મિલ્કતનો નિકાલ કે વેચાણ, તબદિલી અને/અથવા બોજો લાવવો કે કોઈ ચાર્જ રચવો;

(v) મિલ્કતઅથવા તેના કોઈ પણ ભાગને જપ્ત કરાય, ટાંચમાં લેવાય અથવા સત્તાવાળા દ્વારા કસ્ટડીમાં લેવાય અથવા કોઈ કાનૂની કાર્યવાહીને આધિન થાય;

(vi) ઋણલેનાર(રા) એફઆઈસીસીએલઅથવા તેના અધિકારીઓ, ઓડિટર, ટેકનિકલ નિષ્ણાતો, સંચાલન કન્સલ્ટન્ટ, મૂલ્યાંકનકારો અથવા અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ચકાસણી કે ખરાઈ કે મૂલ્યાંકન માટે મિલ્કતની પ્રસ્તુતિમાં નિષ્ફળ જાય;

(vii) જો ઋણલેનાર(રા) આ કરારની શરતો મુજબ અથવા એફઆઈસીસીએલ દ્વારા માગણી કરાયે પોસ્ટ ડેટેડ ચેક્સ આપવામાં નિષ્ફળ જાય છે

(viii) ગેરન્ટર (જ્યાં લાગુ પડે) દ્વારા પૂરી પડાયેલી ગેરન્ટીમાં કોઈ ક્ષતિ/કસૂર કે જેના લીધે ગેરન્ટી બિનઅસરકારક/બિનકાર્યક્ષમ બને છે;

(ix) જ્યાં ઋણલેનાર(રા)અથવા લોન એક કરતા વધુ ઋણલેનાર(રા)ને અપાઈ હોય અને તેમનું મૃત્યુ થાય;

(x) જો ઋણલેનાર(રા)કોઈ દિવાની ખટલા અથવા ફોજદારી ગુનામાં સામેલ હોય;

(xi) ઋણલેનાર(રા)એફઆઈસીસીએલદ્વારા જરૂરી કોઈ માહિતી/દસ્તાવેજ રજૂ કરવામાં નિષ્ફળ જાય

## અનુચ્છેદ 9

## એફઆઈસીસીએલ માટેની રાહતો

9.1 ઉપરોક્ત મુજબ ડિફોલ્ટ થયા બાદ કોઈ પણ સમયે અહીં ઉલ્લેખ કરાયાથી વિપરીત કોઈ પણ બાબત હોય એફઆઈસીસીએલ પાસે નીચેનામાંથી કોઈ એક કે વધુ પગલાં ભરવાનો અબાધિત અધિકાર રહેશે:

(i) એવી ઘોષણા કરવી કે એફઆઈસીસીએલની લોન ઉપલબ્ધ કરાવવા કે જારી રાખવાની ફરજ પૂર્ણ થઈ જાય છે અને/ અથવા

(ii) એવી ઘોષણા કરવી કે લોન તથા તમામ વ્યાજની રકમ અને તમામ ખર્ચ, પડતર, વેરા તથા આ કરાર હેઠળની બાકી રકમ અને લોન તાત્કાલિક બાકી નિકળે છે અને એફઆઈસીસીએલને ચૂકવવાપાત્ર છે, જ્યાં તે તાત્કાલિક બાકી નિકળે છે અને ઋણલેનાર(રા) દ્વારા ચૂકવવાપાત્ર છે અને ઋણલેનાર(રા)એ લોન અને/ અથવા આ કરાર હેઠળ ચૂકવવાપાત્ર સઘળી રકમ નોટિસના નિયમોને આધિન રહીને નોટિસ મળ્યાના 7 (સાત) દિવસમાં ચૂકવી દેવી, જે માટે હવે કોઈ નોટિસ કે કાનૂની ઔપચારિકતા નહીં અપાય અને/ અથવા

(iii) એફઆઈસીસીએલ તરફેણમાં રચાયેલી કોઈ પણ જામીનગીરીને લાગુ રીને કાયદામાં મળેલી મંજૂરી મુજબ કોઈ પણ અધિકારનો ઉપયોગ કરવો જેમાં દાવો, ઈક્વિટી અથવા કાયદાનાં પગલાં અથવા બંને સામેલ હોય અથવા કોઈ પણ સનદ, શરત અથવા આ કરારમાં નિર્ધારિત નિયમ અથવા આ કરારની કોઈ પણ શરતના ઉલ્લંઘનના પરિપ્રેક્ષ્યમાં અથવા આ કરારમાં ફાળવાયેલા કોઈ પણ અધિકાર કે સત્તાનો અમલ કરીને, અને/ અથવા

(iv) જો ઋણલેનાર(રા)લોન કે તેના ભાગની તારીખસર ચૂકવણીમાં કસૂર કરે અને તે પંદર (15) દિવસ સુધી જારી રહે, તો એફઆઈસીસીએલ પાસે વ્યાજ, પડતર, ચાર્જિસ, ખર્ચ તથા અન્ય બાકી રકમ સહિત આખેઆખી લોનને પાછી ખેંચવાનો આ કરાર હેઠળ અધિકાર રહેશે અને આ માટે તે ઋણલેનાર(રા)ને સાત (7) દિવસની નોટિસ આપશે. જો ઋણલેનાર(રા) બાકી લેણાની એફઆઈસીસીએલને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો એફઆઈસીસીએલ પાસે સંપૂર્ણપણે તમામ જરૂરી પગલાં ભરવાની સત્તા રહેશે જેમાં ઋણલેનાર(રા)એ પોતાના ખર્ચે અને જોખમે કહેવાયેલી મિલ્કતનો નિકાલ કરવાનો રહેશે અને તે સંબંધે એફઆઈસીસીએલ પાસે કોઈ પણ સમયે આ મિલ્કતમાં ઋણલેનાર(રા)ને નોટિસ આપ્યા વિના પ્રવેશ કરીને તેનો કબજો લેવા અથવા તો તેની વસૂલાત કરવા અથવા તો તે મકાનનું તાળું તોડીને તેમાં પ્રવેશ કરવાનો અધિકાર રહેશે અને એફઆઈસીસીએલ પાસે કોઈ પણ અધિકારીની નિમણૂંકનો અધિકાર રહેશે અથવા તો રિસિવરની નિમણૂંક કરીને આ મિલ્કતને લગતી કાર્યવાહીને અધિકારીક રીતે પાર પાડવા તેમજ ઋણલેનાર(રા) કરી શકે તે રીતે વહીવટ કરવા અને આ કહેવાતી મિલ્કતને અન્ય કોઈ પણ આધારે એફઆઈસીસીએલને યોગ્ય લાગે તે રીતે ભાડે કે પરવાના પર આપવાનો પણ અબાધિત અધિકાર રહેશે અને તે ધારે તો આ મિલ્કતનો હરાજી યોજીને કે ખાનગી કોન્ટ્રાક્ટ દ્વારા પણ નિકાલ કરી શકે છે જે બધું ઋણલેનાર(રા)ના ખર્ચે અને જોખમે થશે અને આ સત્તાનો ઉપયોગ કરીને આ મિલ્કતના નિકાલમાં થનારા કોઈ પણ નુકસાન કે ખર્ચની વસૂલાત કરવાનો તેને અધિકાર રહેશે અને એફઆઈસીસીએલ અથવા રિસિવરને યોગ્ય લાગે તે રીતે તેઓ તેને લગતી રસીદો

પણ આપી શકશે. એફઆઈસીસીએલ દ્વારા કરાનારા કોઈ પણ વેચાણ કે અન્ય રીતે નિકાલ સામે ઋણલેનાર(રા) કોઈ વાંધો નહીં ઉઠાવે તેમજ દલાલ અથવા એફઆઈસીસીએલના કોઈ પણ પગલાંથી થનારા કોઈ પણ કસૂરથી થનારા નુકસાન માટે એફઆઈસીસીએલને જવાબદાર ઠેરવી શકાશે નહીં. આવા વેચાણથી પ્રાપ્ત થનારી ચોખ્ખી આવક સુરક્ષિત કરાયેલી રકમની ચૂકવણી માટે પર્યાપ્ત ન રહે તો એફઆઇસીસીએલ પાસે બાકી રહેતી શેષ સંબંધે તેની પાસે રહેલા ઋણલેનાર(રા)ના કોઈ પણ નાણાં કે શેષને તેની સામે સરભર કરવાની અને શેષની ચૂકવણી કરવાની સત્તા રહેશે અને તેનાથી પણ ઘટ પડે તો ઋણલેનાર(રા)એ આવી ઘટની રકમ ચૂકવવી પડશે અને તે પણ એ રીતે કે ઋણલેનાર(રા) સામે એફઆઈસીસીએલના હિતો, અધિકારોને કોઈ પૂર્વગ્રહયુક્ત અસર ન થાય.

(v) એફઆઈસીસીએલને શેષની ચૂકવણી બાદ એફઆઈસીસીએલ પાસે કોઈ રકમ વધશે, તો એફઆઈસીસીએલ પાસે એ બાબતનો કાનૂની અધિકાર રહેશે કે તે આ વધારાની રકમ ઉપરાંત ઋણલેનાર(રા)ને લગતા કોઈ પણ અન્ય નાણાંને હંગામી ધોરણે પોતાની પાસે રાખશે અને તેની એફઆઈસીસીએલસમક્ષ ઋણલેનાર(રા)ની બાકી નિકળતી કોઈ પણ રકમ કે લિક્વીડેશનના ખર્ચની વસૂલાત માટે બાજુ પર રાખી શકે છે પછી તેમાં કોઈ વ્યક્તિને લગતો ખર્ચ હોય કે લોન, ડિસ્કાઉન્ટેડ બિલ, શાખપત્ર, ગેરન્ટી, વેરા અથવા બિલ, નોંધ, ધિરાણ તથા અન્ય ઉપકાર સહિતની જવાબદારી હોય જે અન્ય કાનૂની માગ સાથે ચૂકવવાપાત્ર ભલે ન હોય અથવા તો તેની વ્યાજ સાથે ગણતરી કરાઈ ન હોય કે જેમાં એફઆઈસીસીએલ દ્વારા ઋણલેનાર(રા) સમક્ષ માગ કરાય અથવા કોઈ પણ સંજોગોમાં પારસ્પરિક ઉધારને સુલટાવાતા હોય.

| | | |
|---|---|---|
| | | એફઆઈસીસીએલ વતી |
| ઋણલેનાર | સહ-ઋણલેનાર | અધિકૃત હસ્તાક્ષરકર્તા |



**અનુચ્છેદ 10**

**ક્રોસ જામીનગીરી**

ઋણલેનાર(રા) અનુમોદન કરે છે કે આ કરાર હેઠળ ઋણલેનાર(રા) લોનની પરત ચૂકવણી કરે છે પરંતુ એફઆઈસીસીએલ પાસેથી ઋણલેનાર(રા)એ લીધેલી અન્ય કોઈ નાણાકીય સુવિધા હેઠળ ઋણલેનાર(રા)ની રકમ બાકી નિકળે છે તો એફઆઈસીસીએલ પર આ કરાર હેઠળ ઋણલેનાર(રા)ની જામીનગીરી મુક્ત કરવા ફરજ નહીં પાડી શકાય અને ઋણલેનાર(રા) આ સાથે એફઆઈસીસીએલને સત્તા આપે છે કે તે આવી બાકી નાણાકીય સુવિધાની જામીનગીરીને વિસ્તારીને યોગ્ય દસ્તાવેજોનો અમલ કરે. આ રીતે જ આ કરાર હેઠળ ઋણલેનાર(રા)ની કોઈ રકમ બાકી હશે, તો એફઆઈસીસીએલ પર અન્ય કોઈ નાણાકીય સુવિધા માટે ઋણલેનાર(રા) દ્વારા રચાયેલી જામીનગીરીને મુક્ત કરવાની ફરજ નહીં પાડી શકાય અને ઋણલેનાર(રા) આ કરાર હેઠળની બાકી રકમને વિસ્તારવાની ખાતરી આપે છે.

**અનુચ્છેદ 11**

**કરારનું પુનઃજીવન**

એફઆઈસીસીએલ મિલ્કતને હસ્તગત કરે છે તો ઋણલેનાર(રા) આ કરારને પુનઃજીવિત કરવા એફઆઈસીસીએલને વિનંતી કરીને મિલ્કતની પુનઃડિલિવરી માટે અરજી કરી શકે છે અને આ સ્થિતિમાં એફઆઈસીસીએલ પોતાની સંપૂર્ણ મુનસફીને આધિન રહીને તેને ઠીક લાગે તેવી શરતો નિર્ધારિત કરીને વિલંબથી ચૂકવેલ વ્યાજ, કાનૂની તથા અન્ય ખર્ચ, પુનઃકબજા ખર્ચ વગેરે સહિતના હપ્તા/ ઈએમઆઈને એકત્રિત કર્યા પછી જ તે મુજબ ઘટતું કરી શકે છે. આ કરારને પુનઃજીવિત નહીં કરવાનો એફઆઈસીસીએલનો કોઈ પણ નિર્ણય અંતિમ અને ઋણલેનાર(રા)ને બંધનકર્તા રહેશે અને તેને કોઈ પણ કાયદાની કોર્ટમાં પડકારી શકાશે નહીં.

**અનુચ્છેદ12**

**ગૌણ દેવા**

ઋણલેનાર(રા)આ સાથે એ બાબતની પુષ્ટિ કરે છે કે તેણે તેમના મિત્રો, સંબંધી કે અન્ય કોઈ પાસેથી લીધેલી લોન, ઉપાડ કે અન્ય નાણાંનું દેવું અહીં ઉલ્લેખ કરાયેલી લોનની તુલનામાં ગૌણ બની જાય છે. ઋણલેનાર(રા) આ સાથે એ પણ ઘોષણા કરે છે કે આ કરાર હેઠળ નિર્ધારિત કરાયેલી લોન હેઠળ એફઆઈસીસીએલ સમક્ષ બાકી નિકળતા કોઈ પણ વ્યાજ અથવા પૂરેપૂરી લોનની ભરપાઈ ન થાય ત્યાં સુધી ઋણલેનાર(રા) આવા દેવાની ચૂકવણી કરશે નહીં કે તેનું વ્યાજ પણ નહીં ચૂકવે.

**અનુચ્છેદ13**

**એફઆઈસીસીએલના ખાતાના હિસાબોને ઋણલેનાર(રા)એ સ્વીકારવું**

ઋણલેનાર(રા)આ સાથે સંમત થાય છે કે ઋણલેનાર(રા) પાસે એફઆઈસીસીએલ દ્વારા દાવો કરાયેલા લેણાંના પુરાવા તરીકે લોન કે જે-તે ખાતા અંગે એફઆઈસીસીએલના હિસાબી ચોપડાના સ્ટેટમેન્ટને તે કોઈ પણ વાઉચર, દસ્તાવેજ કે અન્ય કાગળને સહાયક રજૂ કર્યા વિના માન્ય રાખશે. અહીં ઉલ્લેખ કરાયેલી કોઈ પણ બાબતથી એફઆઈસીસીએલના હિતો કે અધિકારો સાથે પૂર્વગ્રહ નહીં દાખવાય અથવા વ્યાજની ગણતરીમાં કોઈ

પણ હિસાબી કે ગાણિતિક ભૂલ થશે તો પણ તેની ચૂકવણી ઋણલેનાર(રા)એ કરવાની રહેશે. ઋણલેનાર(રા)ની વ્યાજ સંબંધિત કોઈ પણ તકરારથી તેને એફઆઈસીસીએલને ચૂકવવાપાત્ર ઈએમઆઈને રોકી રાખવાનો પરવાનો મળી જતો નથી.

**અનુચ્છેદ 14**

**સુલટાવવું અને સનદ**

14.1 એફઆઈસીસીએલના કોઈ પણ અધિકાર સાથે પૂર્વગ્રહ વિના એફઆઈસીસીએલ પાસે એક સર્વોચ્ચ સનદ અને ઋણલેનાર(રા) પાસેથી બાકી નિકળતી સઘળી રકમને એફઆઈસીસીએલસમક્ષ ઋણલેનાર(રા)ના ખાતામાં રહેલી જમા રકમ સામે સુલટાવવાની સત્તા રહેશે અને ઋણલેનાર(રા) આ રકમ ઉધારવા એફઆઈસીસીએલને મંજૂરી આપે છે કે જેમાં આ કરાર અથવા એફઆઈસીસીએલ સાથે કરાયેલા અન્ય કોઈ પણ કરાર હેઠળ એફઆઈસીસીએલને ઋણલેનાર(રા) દ્વારા ચૂકવવાપાત્ર મુદલ અથવા વ્યાજ અથવા અન્ય રકમ અથવા તે બધાનો હિસાબ સરભર કરાય.

14.2 અહીં સામેલ કોઈ પણ બાબતથી સુલટાવવા અને વિશેષ કે સામાન્ય સનદના કોઈ પણ અધિકાર સાથે પૂર્વગ્રહ નથી થતો કે જે માટેનો અધિકાર એફઆઈસીસીએલને અપાયો છે અથવા તો કાયદા હેઠળ એફઆઈસીસીએલને તે માટેની રાહત સાંપડી છે જેમાં વર્તમાન અથવા ભાવિ જામીનગીરી, ઋણલેનાર(રા)ની ફરજોનો સમાવેશ થાય છે.

14.3 The ઋણલેનાર(રા)વધુમાં એ વાતથી પણ સંમત થાય છે કે અન્ય અધિકારો કે સનદ જે એફઆઈસીસીએલને પ્રાપ્ત થઈ હોય તેના પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના એફઆઈસીસીએલ કોઈ પણ સમયે ઋણલેનાર(રા)ના તમામ અથવા કોઈ પણ ખાતાને ઋણલેનાર(રા)ને નોટિસ આપ્યા વિના જ ભેગા કરવાને અધિકારી રહેશે (જેમાં કોઈ પણ ફિક્સ્ડ ડિપોઝિટનો સમાવેશ થાય છે) કે જે એફઆઈસીસીએલ પાસે હશે અને તેના હેઠળ સમાધાન કરાયેલી કોઈ પણ રકમ કે બાકી શેષની તબદિલી ઋણલેનાર(રા)ની એફઆઈસીસીએલ પરત્વેની અન્ય જવાબદારીઓમાં તબદિલ કરવામાં આવશે પછી તે કોઈ પણ ખાતું હોય અને તેમાં પ્રાથમિક કે મજિયારી જામીનગીરી કે જવાબદારી હોય.

**અનુચ્છેદ 15**

**નુકસાન સામે વળતરની ખાતરી**

એફઆઈસીસીએલના અધિકારો સાથેકોઈ પણ પૂર્વગ્રહ રાખ્યા વિના ઋણલેનાર(રા), લોન અને/ અથવા મિલ્કત અને/ અથવા તેની શરતોના હિસાબે ઋણલેનાર(રા) તરફથી કોઈ પણ કસૂર અથવા ઢીલ અથવા કૃત્યને પરિણામે એફઆઈસીસીએલને થનારા અથવા થઈ શકે તેવા કોઈ પણ નુકસાન, ખર્ચ, ચાર્જિસ અથવા વેરા સામે એફઆઈસીસીએલને હાનિરહિત ઉગારી લેવા અથવા તો એફઆઈસીસીએલને થનારા કોઈ પણ નુકસાનની ભરપાઈ કરી આપવાની સંમતિ આપે છે અને નુકસાન સામે વળતરની ખાતરી આપે છે.

**અનુચ્છેદ16**

**પોર્ટફોલિયો/જામીનગીરીકરણની ફાળવણી/ તબદિલી**

ઋણલેનાર(રા) અભિવ્યક્ત સ્વરૂપે સ્વીકારે છે કે એફઆઈસીસીએલ પાસે ઋણલેનાર(રા) પાસે બાકી નિકળતા તમામ લેણાંની એફઆઈસીસીએલ ધારે તેવા ત્રાહિત પક્ષકારને તબદિલ કરવાની પૂરેપૂરી સત્તા અને અધિકાર ધરાવે છે અને તે માટે ઋણલેનાર(રા)ને નોટિસ આપવી તેના માટે જરૂરી નહીં રહે જેમાં તે લેણાંનું આંશિક કે સંપૂર્ણ વેચાણ કરવાના અધિકારનો પણ સમાવેશ થાય છે અને તે પણ એ રીતે કે જેમ એફઆઈસીસીએલ નક્કી કરે (જેમાં ખરીદનાર, ફાળવણીકાર અથવા તબદિલ કરનારના વતી ઋણલેનાર(રા) સામે કાર્યવાહી કરવાનો અબાધિત અધિકાર પણ એફઆઈસીસીએલ પાસે રહે છે). આવા કોઈ પણ પગલાં લેવાય કે વેચાણ, ફાળવણી કે તબિદલી થાય તો ઋણલેનાર(રા)એ આવા ત્રાહિત પક્ષકારને લેણદાર તરીકે સ્વીકારવા પડશે જે એફઆઈસીસીએલ સાથે સહલેણદાર રહેશે. આ માટે થનારા વેચાણ, ફાળવણી કે તબદિલીને લગતા કોઈ પણ ખર્ચ અને ઋણ વસૂલાતને લગતી કાર્યવાહીની જવાબદારી ઋણલેનાર(રા)એ ભોગવવાની રહેશે. ઋણલેનાર(રા) આ કરારની કે તેના અધિકારો, ફરજોની એફઆઈસીસીએલની આગોતરી લેખિત સંમતિ વિના તબદિલી કરી શકશે નહીં.

| | | |
|---|---|---|
| | | એફઆઈસીસીએલ વતી |
| ઋણલેનાર | સહ-ઋણલેનાર | અધિકૃત હસ્તાક્ષરકર્તા |



**અનુચ્છેદ 17**

**/સર્વિસ પ્રોવાઈડર**

ઋણલેનાર(રા) એ વાતથી સંમત થાય છે કે, એફઆઈસીસીએલના કોઈ પણ અધિકાર સાથે પૂર્વગ્રહ રાખ્યા વિના તમામ કૃત્યો/પગલાં કે જે એફઆઈસીસીએલને લોનના નિરીક્ષણ અને તેની વસૂલી માટે જરૂરી લાગે અને/અથવા જે ઋણલેનાર(રા)ની ફરજમાં આવે અને/ અથવા એફઆઈસીસીએલ પરત્વેના દેવાની વસૂલાત માટે યોગ્ય લાગે અથવા તેના કોઈ પણ ભાગ અને/ અથવા તેના અનુસંધાનમાં (કોઈ કંપની અથવા

બોડી કોર્પોરેટ સહિત) વ્યક્તિની એફઆઈસીસીએલ દ્વારા સમયાંતરે નિમણૂંક કરાય તો તે સંજોગોમાં આવી વ્યક્તિ સાથે ઋણલેનાર(રા) અને તેણે લીધેલી લોનના તમામ હિસાબી ખાતા તેને લગતી વિગતોની વહેંચણી કરવાનો એફઆઈસીસીએલને પૂરેપૂરો અધિકાર રહેશે. આ ઉપરાંત ઋણલેનાર(રા) અભિવ્યક્તિપૂર્ણ સંમતિ આપે છે અને સ્વીકારે છે કે એફઆઈસીસીએલ તેના અધિકારો સાથે કોઈ પૂર્વગ્રહ ન રહે તે રીતે તેના અધિકારીઓ અને નોકરો દ્વારા આવી પ્રવૃત્તિઓને પરિપૂર્ણ કરવાનો અધિકાર રહેશે અને એફઆઈસીસીએલના એક કરતા વધુ ત્રાહિત પક્ષકારોને નિમવાનો પણ સંપૂર્ણ અધિકાર રહેશે અને આવા ત્રાહિત પક્ષકારો જ એફઆઈસીસીએલ વતી તમામ નહીં ચૂકવાયેલી રકમની વસૂલાત કરવાનો અધિકાર ધરાવશે અને તમામ કૃત્યો, ખત, બાબતો તથા ચીજો કે જે બનાવો સાથે સંકલિત હોય તેમાં ઋણલેનાર(રા)ની ઓફિસ અથવા નિવાસે જવાનો, બાકી લેણાં વસૂલવાનો અને ત્રાહિત પક્ષકારોને લગતા તમામ પગલાં લેવાનો અધિકાર રહેશે જે ત્રાહિત પક્ષકારને આ હેતુ માટે યોગ્ય લાગે.

## અનુચ્છેદ18

## ટર્મિનેશન

આ કરારમાં ઉલ્લેખિત કોઈ પણ બાબતથી વિપરીત જઈને પણ એફઆઈસીસીએલ તેના અબાધિત અધિકારનો સમયાંતરે ઉપયોગ કરીને લોન અથવા તેના કોઈ હિસ્સાને ટર્મિનેટ, રદ અથવા પાછી ખેંચી ખેંચી શકે છે જેમાં કોઈ જવાબદારી અને કોઈ ફરજ નહીં રહે અને કોઈ જવાબને પણ અવકાશ નહીં રહે અને કોઈ કારણ નહીં અપાય, જેમાં મુદલ, તેની પરના વ્યાજ અને તમામ ખર્ચ, વેરા, વસૂલાતો કે જે એફઆઈસીસીએલ પરત્વે નિકળતી હોય અને કસૂર થયો હોય તો તે સઘળી બાકી રકમ એફઆઈસીસીએલ દ્વારા માગણી કરાય ત્યારે એફઆઈસીસીએલને ચૂકવવાપાત્ર રહેશે.

## અનુચ્છેદ 19

## માહિતી જાહેર કરવી

19.1 (i) The ઋણલેનાર(રા) સંમત થાય છે અને સ્વીકૃતિ આપે છે કે એફઆઈસીસીએલઋણલેનાર(રા)ની લોન, તેના ખાતા અને આ કરારને લગતી વિગતો અને ડેટાની જાહેરાત અને વહેંચણી કરી શકે છે, જેમાં ઋણલેનાર(રા) દ્વારા તેની લોન હેઠળની ફરજોના પાલનમાં કસૂર, કોઈ થયો હોય તો, અને એફઆઈસીસીએલને યોગ્ય લાગે તે રીતે આ વિગતો ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) અને/ અથવા ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યૂરો (ઈન્ડિયા) લિમિટેડ અને/ અથવા આરબીઆઈ દ્વારા આ માટે અધિકૃત કરાઈ હોય તેવી એજન્સીને, એફઆઈસીસીએલના વ્યાવસાયિક સલાહકારો અને કન્સલ્ટન્ટ, એફઆઈસીસીએલના સહયોગીઓ/ પેટાકંપનીઓ અને સર્વિસ પ્રોવાઈડર, ત્રાહિત પક્ષ અથવા અન્ય કોઈને કે જેની આ કરાર હેઠળ જોગવાઈ કરાઈ હોય તો અથવા કોઈ અદાલતના આદેશથી અથવા કોઈ વૈધાનિક/ નિયમનકારી અથવા નિરીક્ષણકારી સત્તાના આદેશથી આપી શકે છે.

(ii) ઋણલેનાર(રા)ઘોષણા કરે છે કે એફઆઈસીસીએલને રજૂ કરાયેલ અને રજૂ કરાનાર માહિતી ખરી અને સાચી હશે અને તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ ગેરરજૂઆત કરાયેલી નહીં હોય. ઋણલેનાર(રા) દ્વારા કોઈ ખોટી માહિતી અપાય કે ગેરરજૂઆત થાય તો તે સંજોગોમાં પગલાં લેવાનો એફઆઈસીસીએલને પૂરેપૂરો અધિકાર રહેશે. એફઆઈસીસીએલને સમયાંતરે જરૂર પડે તેવી તમામ નાણાકીય વિગતો એફઆઈસીસીએલને પૂરી પાડવા ઋણલેનાર(રા) બંધાયેલ છે.

(iii) The ઋણલેનાર(રા):

(a) સ્વીકારે છે કે આરબીઆઈ અથવા ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યૂરો (ઈન્ડિયા) લિમિટેડ અને અન્ય કોઈ વૈધાનિક, નિયમનકારી અથવા નિરીક્ષણકારી સત્તાકીય એજન્સીને અધિકૃતતા હશે તો તેઓ એફઆઈસીસીએલ દ્વારા પૂરી પડાયેલી આ કહેવાતી માહિતીને અધિકૃત, પ્રોસેસ, ડિસસેમિનેટ કરી શકે છે અને

(b) આ સંબંધે તેણે એફઆઈસીસીએલને બિલકુલ જવાબદાર ઠેરવવી નહીં,

(c) તદ્દપરાંત એફઆઈસીસીએલને વધારાની સત્તા આપે છે જે એફઆઈસીસીએલની પ્રવર્તમાન સત્તાથી પર હશે કે ઋણલેનાર(રા)આ કરાર હેઠળ કોઈ કસૂર કરશે, તો એફઆઈસીસીએલ પાસે ઋણલેનાર(રા)ને જાણ કર્યા વિના તેની માહિતી આરબીઆઈ અથવા અન્ય કોઈ સક્ષમ સત્તાવાળા, અથવા કાયદાની અદાલતને ઋણલેનાર(રા)ના નામ તેમજ ઋણલેનાર(રા)એ આચરેલા કસૂર સહિત પૂરી પાડી દેશે.

## અનુચ્છેદ 20

## જારી રહેતી જામીનગીરી

આ કરારમાં ઋણલેનાર(રા) સંમત થાય છે કે, આ સાથે રચાયેલી અથવા તેના પછી રચાયેલી લોનના ખાતા માટેની કે થકીની જામીનગીરી લોન સંબંધે ઋણલેનાર(રા)ની ફરજો માટેની જામીનગીરી તરીકે જારી રહેશે, પછી ભલેને ઋણલેનાર(રા)ના ખાતામાં જમા શેષ હોય કે પછી કોઈ આંશિક ચૂકવણી કરાઈ હોય કે ખાતામાં ફેરફાર હોય.

## અનુચ્છેદ21
## પરચૂરણ

**21.1 નોટિસ:**

આ કરાર હેઠળની દરેક નોટિસ, વિનંતી, માગણી અથવા અન્ય સંદેશાવ્યવહાર રહેશે:

(a) લેખિત, હાથોહાથ, કુરિયરથી અથવા રજિસ્ટર્ડ પોસ્ટ, એકનોલેજમેન્ટ બાકી દ્વારા અપાયેલ;

(b) તેને હાથોહાથ અપાય ત્યારે પ્રાપ્ત કરેલ ધારી લેવાશે, અને જો કામના દિવસે કામના સમયે ડિલિવર કરાશે તો તેની રસીદ, જો રજિસ્ટર્ડ પોસ્ટ એકનોલેજમેન્ટ દ્વારા અપાયેલ હોય, તો તેને ટપાલમાં રવાના કર્યાના 3 દિવસ બાદ, અને

(c) ઋણલેનાર(રા)ને તેના ઘર/ઓફિસે મોકલવા જેનો લોનસારાંશપરિશિષ્ટમાં ઉલ્લેખ હોય અને એફઆઈસીસીએલને તેની ઓફિસના સરનામે જેનો લોનસારાંશપરિશિષ્ટમાં ઉલ્લેખ હોય, અથવા અન્ય કોઈ સરનામે જેની બંને પક્ષકારોએ એકબીજાને લેખિતમાં જાણ કરી હોય. ઋણલેનાર(રા)ના સરનામાંમાં ફેરફાર થાય તો તેણે આ અંગે સાત દિવસમાં એફઆઈસીસીએલને લેખિતમાં જાણ કરવાની રહેશે.

**21.2 લાભો:**

આ કરારની શરતો અને નિયમો ઋણલેનાર(રા)ના વારસદારો, વહીવટદારો અને અમલકર્તાઓને બંધનકર્તા રહેશે અને એફઆઈસીસીએલના વારસદારો અને સંચાલકો તેમને કામ સોંપી શકશે. ઋણલેનાર(રા) (જો વ્યક્તિગત અથવા પ્રોપરાઈટરશીપ પેઢી) અથવા કોઈ પણ ઋણલેનાર(રા)નું મૃત્યુ થવાના સંજોગોમાં (એક કરતા વધુ) આવા ઋણલેનાર(રા)ના કાનૂની પ્રતિનિધિઓ (i) મિલ્કતનું માલિકીપણું મેળવશે અને કાયદા મુજબ તેમના નામે મિલ્કત થશે

એફઆઈસીસીએલ વતી

| | | |
|---|---|---|
| ઋણલેનાર | સહ-ઋણલેનાર | અધિકૃત હસ્તાક્ષરકર્તા |



(ii) આવા કાયદેસરના પ્રતિનિધિ દ્વારા એફઆઈસીસીએલ સમક્ષ રહેલા ઋણલેનાર(રા)ના પોસ્ટ ડેટેડ પરત ચૂકવણીના ચેકને બદલશે (iii)એફઆઈસીસીએલદ્વારા જરૂરી દસ્તાવેજો પર હસ્તાક્ષર કરીને તેનો અમલ કરવા ઉપરાંત આવા પ્રતિનિધિ આ કરારના લાભો મેળવવા હકદાર રહેશે. આ માટેની શરત એ રહેશે કે, એફઆઈસીસીએલ પાસે ઋણલેનાર(રા)ના પ્રતિનિધિને આ કરારના લાભો પહોંચતા ન કરવાનો અબાધિત અધિકાર રહેશે પછી ભલેને તે આ જોગવાઈની જરૂરિયાતો અને ફરજોનું અનુસરણ કરવા ઈચ્છુક હોય.

**21.3 માફી:**

આ કરાર હેઠળ ઋણલેનાર(રા) દ્વારા કોઈ પણ કસૂર કે નિયમભંગ પર એફઆઈસીસીએલને ઉપલબ્ધ કોઈ પણ અધિકાર, સત્તા કે ઉપચારના અમલ કે બાદબાકી અથવા વિલંબ નહીં કરાય અને આવા કસૂર કે નિયમભંગ પર કોઈ માફીની માગણી કે અપેક્ષા નહીં રખાય અને આવા જ નિયમભંગ કે કસૂર કર્યા બાદ ફરી વખત કસૂર કે નિયમભંગ થવા માટેની માફીની તે પછી કે ક્યારેય માગી શકાશે નહીં. આ કરાર હેઠળ કોઈ પણ કસૂર કે નિયમભંગ સંબંધે એફઆઈસીસીએલ દ્વારા કોઈ પણ માફી, મંજૂરી, સંમતિ કે અનુમતિ આગોતરી અને લેખિતમાં હોવી ફરજિયાત છે.

**21.4** આ કરાર હેઠળના તમામ ઉપચારો કે જે એફઆઈસીસીએલને આધિન હોય તે એફઆઈસીસીએલ પાસે જ રહેશે જે બદલાશે નહીં.

**21.5 સુધારો:**

બંને પક્ષકારો દ્વારા લેખિતમાં સંમતિ દાખવીને હસ્તાક્ષર ન કરાય ત્યાં સુધી કોઈ પણ નિયમ કે શરતમાં સુધારો નહીં થઈ શકે.

**21.6 આંશિક ગેરમાન્યતા:**

જો આ કરારની કોઈ પણ જોગવાઈ ગેરકાયદે, અમાન્ય કે લાગુ ન પાડી શકાય તેવી બને તો, આ કરારની બાકીની જોગવાઈમાંથી કોઈની પણ કાયદેસરતા, માન્યતા કે અમલપાત્રતાને કોઈ પણ રીતે અસર નહીં થાય અથવા ખોટકાશે નહીં અને બંને પક્ષો અહીં આ સમયે તે માટે સંમત થાય છે કે તેના ભાગને ગેરકાયદે, અમાન્ય કે લાગુ પાડી ન શકાય તેવી ગણી શકાશે નહીં અને આ કરારના મૂળ હેતુની કાયદેસરતા બદલાશે નહીં.

**21.7 ઉપરવટ થનારી અસર:**

અહીં બીડાયેલા અથવા સંદર્ભિત કરાર અને બીજા કોઈ પણ દસ્તાવેજમાં અહીં ઉલ્લેખિત તમામ નિયમો અને શરતો સામેલ છે અને તે અગાઉ આ સંબંધે થયેલી કોઈ પણ લેખિત કે મૌખિક વાતચીતની ઉપરવટ થાય છે, જેમાંથી આ કરાર પૂર્વે જારી કરાયેલા મંજૂરી પત્રને બાકાત રખાય છે અને તે આ કરાર કે અહીં બીડાયેલા અન્ય કરાર કે દસ્તાવેજ સાથે સંઘર્ષરત થતો નથી અને આ સંજોગોમાં આ કરારના જ નીતિ-નિયમો અમલપાત્ર બનશે.

**21.8પડતરો:**

ઋણલેનાર(રા)એ ટાઈટલની તપાસ અને તૈયારી, મુસદ્દો ઘડવા અને આ કરારને અંતિમ સ્વરૂપ આપવા તથા અન્ય તમામ દસ્તાવેજો કે જેને એફઆઈસીસીએલ દ્વારા પ્રમાણિત કરાય છે તેની તમામ પડતર, ખર્ચ અને કાનૂની પરામર્શકના ખર્ચ (જેમાં સ્ટેમ્પ ડ્યૂટી અને તે પરના દંડનો સમાવેશ થાય છે) તેને ભોગવાનો રહેશે અને એફઆઈસીસીએલે ભોગવ્યો હશે તો ચૂકવવાનો રહેશે. ડિફોલ્ટના સંજોગોમાં એફઆઈસીસીએલને તેને લગતા ખર્ચ, પડતરની પણ ઋણલેનાર(રા)એ એફઆઈસીસીએલ તરફથી માગણી કરતી નોટિસ બજાવાય તે તારીખથી ત્રીસ (30) દિવસની અંદર

ચૂકવણી કરવાની રહેશે અને તે રકમને લોન ખાતામાં ઉધારાશે અને તેમાં વ્યાજ કે જે લોન પર ચૂકવવાપાત્ર છે તે દરે ચૂકવણીની તારીખ સુધીનું વસૂલવામાં આવશે.

**21.9 બેંકમાં જમા ન કરાવેલા ચેક પરત આપવા:**

ઋણલેનાર(રા)ના કોઈ પણ બેંકમાં જમા ન કરાવેલા/ ઉપયોગ વિનાના ચેક એફઆઈસીસીએલ પાસે લોન પૂરી થયા બાદ જમા હશે કે જે લોનની પરત ચૂકવણી અથવા પાકતી મુદતના હશે તો લોન પૂરી થયા/ પરત ચૂકવણીના નેવું (90) દિવસમાં ઋણલેનાર(રા)એ તેની લેખિતમાં જાણ કરવાની રહેશે. ઋણલેનાર(રા)ને નોટિસ આપ્યા વિના એફઆઈસીસીએલ દ્વારા આવા કોઈ ઉપયોગવિનાના/ બેંકમાં રજૂ ન કરાયેલા ચેકને નષ્ટ કે રદ કરાશે જો નિર્ધારિત સમયમાં એફઆઈસીસીએલ દ્વારા પ્રાપ્ત કરાયેલાઆવા કોઈ ઉપયોગવિનાના/ બેંકમાં રજૂ ન કરાયેલા ચેક વિશે તેને વિનંતી નહીં મળે.

**21.10 કાયદો:**

આ કરારભારતીય કાયદા અનુસાર નિર્મિત અને બંધનકર્તા રહેશે.

**21.11 લવાદ/ અધિકારક્ષેત્ર:**

આ કરાર સંબંધે કોઈ પણ તકરાર, મતભેદો અને/ અથવા દાવા થશે તો તેનું આર્બિટ્રેશન એન્ડ કન્સિલિયેશન એક્ટ, 1996ની જોગવાઈ અનુસાર લવાદ દ્વારા નિવારણ કરાશે અન તે માટે એફઆઈસીસીએલ દ્વારા એકમાત્ર લવાદની નિમણૂંક કરાશે. આવા લવાદ તરીકે નિમાયેલી વ્યક્તિના મૃત્યુ, ઈનકાર, અક્ષમતા અથવા અયોગ્યતા થશે તો તે સંજોગોમાં એફઆઈસીસીએલ દ્વારા અન્ય વ્યક્તિની લવાદ તરીકે નિમણૂં ક કરાશે. આવા લવાદે આપેલા વચગાળાના/ અંતિમ આદેશ બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે. લવાદ દ્વારા સમયાંતરે પ્રક્રિયાઓ નિર્ધારિત કરાઈ શકે છે જેનું તેઓ લવાદની કામગીરીમાં અનુસરણ કરી શકે છે અને તેમણે યોગ્ય રીતે લવાદની પ્રક્રિયા પાર પાડવાની રહેશે. આ લવાદની પ્રક્રિયા લોનસારાંશપરિશિષ્ટમાં ઉલ્લેખ કરાયેલા સ્થળે યોજવાની રહેશે.

**21.12 કરારનો ભાગ બનાવતો પરિશિષ્ટ:**

લોનસારાંશપરિશિષ્ટ અને અન્ય પરિશિષ્ટ કે જેને આ સાથે બીડવામાં આવ્યા હશે અને આ કરારનો જે હિસ્સો હશે તેને આ કરારનો ભાગ ગણીને તેની જોગવાઈઓને તે મુજબ નિર્ધારિત કરવામાં આવશે.

**21.13 સીમાંત નોંધ અને શિર્ષક નોંધ:**

સીમાંત નોંધ અને શિર્ષક નોંધ આ સાથે ફક્ત અનુકૂળતા અને સંદર્ભ સાથે જોડવામાં આવી છે.

**21.14 સ્વીકૃતિ:**

મેં/અમે આ કરાર સંપૂર્ણપણે વાંચી લીધો છે અને મારી હાજરીમાં તેની વિગતો ભરાઈ છે. તેની સાથે બીડાયેલા પરિશિષ્ટમાં ઉલ્લેખિત વિગતો સહિતની તમામ શરતો મને/અમને બંધનકર્તા રહેશે.

ઉપરોક્ત કરાર તથા અન્ય દસ્તાવેજોની મને/અમને સમજા તે ભાષામાં સમજ આપી દેવાઈ છે અને તેની વિવિધ જોગવાઈઓના પૂરેપૂરા અર્થની મને સંપૂર્ણપણે ખબર પડી ગઈ છે અને આ કરારમાં ઉલ્લેખિત વિગતોની મેં/અમે ખરાઈ કર્યા બાદ તેની પર મેં/અમે હસ્તાક્ષર કર્યા છે.

એફઆઈસીસીએલ વતી

ઋણલેનાર | સહ-ઋણલેનાર | અધિકૃત હસ્તાક્ષરકર્તા



હું/ અમે સંમત થઈએ છીએ કે આ કરારને પરિપૂર્ણ કરાયો છે અને એફઆઈસીસીએલના અધિકૃત અધિકારી આ કરાર પર હસ્તાક્ષર કરે તે તારીખથી કાનૂની રીતે બંધનકર્તા બની જાય છે.

**સાક્ષીઓની હાજરીમાં** પક્ષકારોએ અહીં ઉપર ઉલ્લેખિત દિવસ, મહિના અને તારીખે પ્રસ્તુત કરી અમલ કર્યો.

| | | |
|---|---|---|
| ઋણલેનારા વતી | | |
| સહી કરનારનું નામ:<br>શ્રી નિલયા સિંધ<br>__________<br>__________<br>સહી કરનારનું નામ:<br>..............................<br>.............................. | ]<br>]<br>]<br>]<br>]<br>] | ....................................<br>(સહી) |
| સહ-ઋણલેનારનું નામ:<br>શ્રીમતી નિલિમા સિંધ | ]<br>] | |

| | |
|---|---|
| ______________________________<br>______________________________<br>______________________________<br>સહી કરનારનું નામ:<br>………………………………………………………………… | ]<br>]………………………………..<br>] (સહી)<br>] |
| ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ વતી<br>સહી કરનારનું નામ: ……………………………………………… | ]<br>]………………………………..<br>] (સહી) |

એફઆઈસીસીએલ વતી

ઋણલેનાર સહ-ઋણલેનાર અધિકૃત હસ્તાક્ષરકર્તા



**લોનકરાર**

**માટેનો**

**લોનસારાંશપરિશિષ્ટ**

આ પરિશિષ્ટને બીડેલો ધારી લેવાશે અને તે ઋણલેનાર(રા)અનેફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ ("એફઆઈસીસીએલ") વચ્ચે અમલી બનાવાયેલા …………………………… તારીખના લોન કરારનું અભિન્ન અંગ રચે છે અને તેને લોન કરારની સાથે વંચાણે લેવાશે.

| અનુ. નં. | વિગતો | | વિગતો |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| | લોનસંદર્ભ/ખાતા નં. | | **81414150000028** |
| 1. | ઋણલેનાર(રા)નું નામ<br>ઋણલેનાર(રા)નું સરનામું<br><br>સ્થિતિ | :<br><br>: | શ્રી નિલય સિંઘ<br>ગુયગુઈહી, પેરાકાની પલાયમ, વેલ્લાકોવલી, તિરુપુર, તમિળનાડુ- **637105**<br><br>વ્યક્તિગત/ પ્રોપરાઈટરશીપ પેઢી/ ખાનગી લિ. કું. / જાહેર લિ. કું../ ભાગીદારી પેઢી/એલએલપી/ સોસાયટી/ એચયુએફ/ ટ્રસ્ટ |
| 2. | સહ-ઋણલેનારનું નામ<br>સહ-ઋણલેનારનું સરનામું<br><br>સ્થિતિ | :<br><br>: | શ્રીમતી નિલિમા સિંઘ<br><br>વ્યક્તિગત/ પ્રોપરાઈટરશીપ પેઢી/ ખાનગી લિ. કું. / જાહેર લિ. કું../ ભાગીદારી પેઢી/એલએલપી/ સોસાયટી/ એચયુએફ/ ટ્રસ્ટ |
| 3. | એફઆઈસીસીએલશાખા કચેરી | **:** | **8141 8141_Rural_TN_Tir_Vellakoil** |
| 4. | લોનનો હેતુ | : | □ પર્સનલ લોનશિક્ષણ / લગ્ન/ તબીબી ખર્ચ વગેરે માટે<br>□ કાર્યકારી મૂડી માટે બિઝનેસ લોન<br>□ સાધન/ મશીનરીની ખરીદી વગેરે<br>□ મકાન/ દુકાન/ ઓફિસના બાંધકામ/ સુધારા/ એક્સટેન્શન માટે.<br>□ વર્તમાન દેવાની પરત ચૂકવણીમાટે<br>□ દુકાન/ઓફિસ/ મકાન/ જમીનની ખરીદી માટે<br>□ અન્યો |
| **5.** | મંજૂર કરાયેલ લોનરકમ | : | રૂ. **50,000.00/-**થી વધુ નહીં<br>(રૂપિયા પચાસ હજાર પૂરા) |
| 6. | પસંદ કરાયેલ વ્યાજદર | :<br>: | □ ફિક્સ્ડ દરે વ્યાજ<br>□ ફ્લોટિંગ દરેવ્યાજ |
| 7. | વ્યાજ દર | | **ફિક્સ્ડ દરે વ્યાજના સંજોગોમાં લાગુઃ**<br><br>________________% પ્રતિ વર્ષ જેની માસિક રહેતી બાકીના આધારે ગણતરી.<br><br>**ફ્લોટિંગ દરે વ્યાજના સંજોગોમાં લાગુઃ**<br><br>રિટેલ પ્રાઈમ લેન્ડિંગ રેટ [_____ %] વત્તા/ ઓછા ફેલાવો [_____ % ] માસિક બાકીના આધારે ગણતરી. હાલના તબક્કે લાગુ પડતો વ્યાજ દર **21.00** ટકા પ્રતિ વર્ષ છે. વ્યાજદરમાં ફેરફારનો ગાળો: 3 મહિના. (વ્યાજદરમાં આ કરારની શરતોને આધિન રહીને ફેરફાર થઈ શકે છે.) |
| 8. | લોનની અવધિ | : | 12 |
| 9. | પરત ચૂકવણીપરિશિષ્ટ | | |
| | ચૂકવવાપાત્ર હપ્તાની સંખ્યા: | | 12 |
| | પરત ચૂકવણીનો ગાળો | | |
| | હપ્તાની રકમ (“ઈએમઆઈ”) | | માસિક રૂ. .4,660.00 /- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | પ્રથમ હપ્તો શરૂ થવાની તારીખ: | | 29-04-2016 | | |
| | છેલ્લા હપ્તાની લાગુ પડતી તારીખ: | | 24-03-2017 | | |
| | દરેક હપ્તાની લાગુ પડતી તારીખ | | | | |
| 10 | પ્રિ ઈક્વેટેડ માસિક હપ્તાનું વ્યાજ(પીઈએમઆઈઆઈ) | : | | | |
| | પીઈએમઆઈઈની સંખ્યા | : | | | |
| | દરેક પીઈએમઆઈઈની રકમ | : | | | |
| 11 | આગોતરા હપ્તાનું વિવરણ | : | | | |
| | આગોતરા હપ્તાની સંખ્યા | | | | |
| | આગોતરા હપ્તાની રકમ | | | | |
| | આગોતરા હપ્તાનું સમાયોજન | | હપ્તા નં. | લાગુ પડતી તારીખ | સમાયોજિત રકમ |
| | | | | | |
| | | | | | |
| | પરત ચૂકવણીનું માધ્યમ | | [ ] પીડીસી [ ] ઈસીએસ [ ] એસઆઈ [ ] ઈસીએસઅને પીડીસી[ ] અન્યો | | |
| 13. | આરંભિક ફી | : | રકમ રૂ. થી વધવી ન જોઈએ | | |
| 14. | દસ્તાવેજીકરણ ફી/ ચાર્જિસ | : | રકમ રૂ. થી વધવી ન જોઈએ | | |
| 15. | લોન પ્રોસેસિંગ ફી / ચાર્જિસ | : | મંજૂર કરાયેલ લોનની રકમના ત્રણ (3) ટકાથી આ રકમ વધવી ન જોઈએ | | |
| 16. | વ્યાજદર રૂપાંતરણ ફી | : | મંજૂર કરાયેલ લોનની રકમના એક (1) ટકાથી આ રકમ વધવી ન જોઈએ | | |
| 17. | લોનરદ કરાવાનો ચાર્જ | : | લોનનું વિતરણ કરાય ત્યારબાદ, પરંતુ લોન વિતરણનો ચેક વટાવાય તે પહેલા ઋણલેનારની વિનંતી પર લોન રદ કરાય તો રૂ. 1500/-થી વધુ રકમ નહીં. પરંતુ લોન રકમ વટાવાયા પછી લોન રદ કરવાની વિનંતી થા તો પરત ચૂકવણીની શરતો અહીં ઉલ્લેખ કરાયા મુજબ લાગુ પડશે. | | |
| 18. | વિલંબથી ચૂકવાયેલું વ્યાજ | : | લાગુ પડતા વ્યાજદરથી ઉપર ચાર (4) ટકાથી વધે નહીં તેવી રકમ. | | |
| 19. | ચાર્જિસની પરત ચૂકવણી | : | 1) ઋણલેનારદ્વારા પ્રથમ છ (6) ઈએમઆઈની સંપૂર્ણ ચૂકવણી ન કરાય ત્યાં સુધી લોન પર કોઈ પણ પ્રિ-પેમેન્ટ કરી શકાશે નહીં.<br>2) કોઈ ચોક્કસ નાણાકીય વર્ષમાં બાકી રહેતી લોનના મહત્તમ 25% સુધીના આંશિક પ્રિ-પેમેન્ટ માટે કોઈ પરત ચૂકવણી ચાર્જિસ લાગુ નહીં પડે.<br>3) પ્રથમ છ (6) ઈએમઆઈની ચૂકવણી બાદ આંશિક પ્રિ-પેમેન્ટ કરાય પરંતુ તે પ્રથમ બાર (12) ઈએમઆઈની પરત ચૂકવણી પહેલા થશે તો પરત ચૂકવણીની તારીખે બાકી રહેતી લોનની મુદલ રકમના 4%ના દરે પરત ચૂકવણી ચાર્જિસ લાગુ પડશે;<br>4) બાકી રહેતી લોન રકમના પચીસ (25) ટકાથી વધુનું કોઈ પણ આંશિક પ્રિ-પેમેન્ટ કરવા પર નીચે મુજબના પરત ચૂકવણી ચાર્જિસ લાગુ પડશે:<br>* પ્રથમ બાર (12) ઈએમઆઈ ચૂકવ્યા બાદ અને પ્રથમ ચોવીસ (24) ઈએમઆઈ ચૂકવતા પહેલાઃ પરત ચૂકવણીની તારીખે બાકી રહેતી લોનની મુદલ રકમના 4%<br>* પ્રથમ 24 (24) ઈએમઆઈ ચૂકવ્યા બાદ અને પ્રથમ સાઠ (60) ઈએમઆઈ ચૂકવતા પહેલાઃ પરત ચૂકવણીની તારીખે બાકી રહેતી લોનની મુદલ રકમના 3%<br>* પ્રથમ સાઠ (60) ઈએમઆઈ ચૂકવ્યા બાદ અને પ્રથમ ચોર્યાશી (84) ઈએમઆઈ ચૂકવતા પહેલાઃ પરત ચૂકવણીની તારીખે બાકી રહેતી લોનની મુદલ રકમના 2%<br>* પ્રથમ ચોર્યાશી (84) ઈએમઆઈની ચૂકવણી બાદ કોઈ ચાર્જિસ લાગુ નહીં પડે અથવા તો આવી રકમનું એફઆઈસીસીએલદ્વારા સમયાંતરે | | |

| | | | |
|---|---|---|---|
| | | | નિર્ધારણ કરાશે. |
| 20 | કર અને વેરા | : | લોનકરારમાં ઉપર તથા અન્યત્ર ઉલ્લેખ કરાયેલા તમામ ચાર્જિસમાં તમામ કર અને વૈધાનિક વેરા સમાવિષ્ટ હશે જે લિમિટેશન સર્વિસ ટેક્સ તથા તેની ઉપરના ઉપકર પર લાગુ પડી શકે છે. |
| 21 | લવાદનું સ્થળ | : | ચેન્નઈ |
| 22 | કોર્ટનું અધિકારક્ષેત્ર | : | લોન કરારમાંની લવાદની જોગવાઈને આધિન, ____________________ ખાતેની સક્ષમ અદાલત કોઈ પણ બાબતે અથવા તો આ કરાર સંબંધિત ઉદભવનારા કાનૂની મુદ્દાઓ પરનું સંપૂર્ણ અધિકારક્ષેત્ર ધરાવશે. જો કે, આનાથી કોઈ પણ કાયદાની અદાલત અથવા સક્ષમ અધિકારક્ષેત્રવાળી ટ્રિબ્યૂનલમાં કાર્યવાહી દાખલ કરવા/ હાથ ધરવાની ધીરધારની સત્તા મર્યાદિત નહીં થાય. |
| 23. | મિલ્કતનું ટૂંકમાં વિવરણ | : | |

ઋણલેનાર

સહ-ઋણલેનાર

એફઆઈસીસીએલ વતી
અધિકૃત હસ્તાક્ષરકર્તા

ઋણલેનાર(રા) વતી
ઋણલેનારનું નામ:
શ્રી નિલય સિંઘ

................................X
(સહી)

સહી કરનારનું નામ:....................................................................................

સહ-ઋણલેનારનું નામ:
શ્રીમતી નિલિમા સિંઘ
................................X
(સહી)

સહી કરનારનું નામ: ..........................................................................................

કુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ વતી

સહી કરનારનું નામ :
................................X
..............................................................................................................
(સહી)

ઋણલેનાર | સહ-ઋણલેનાર | એફઆઈસીસીએલ વતી અધિકૃત હસ્તાક્ષરકર્તા

# ડિમાન્ડ પ્રોમિસરી નોટ

તારીખ:__________

સ્થળ:__________

માગણી કરાયેહું / અમે શ્રી નિલય સિંઘ

શ્રી નિલય સિંઘ

સંયુક્ત રીતે અને સંપૂર્ણપણે અને બિનશરતે વચન આપીએ છીએ કે મેઘ ટાવર્સ, ત્રીજો માળ, ઓલ્ડ નં. 37, ન્યૂ નં. 165, પૂનમાલ્લી હાઈ રોડ, માદુરાવોયલ, ચેન્નઈ- 600095, તમિળનાડુખાતે પોતાની રજિસ્ટર્ડ કચેરી ધરાવે છે તે ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ ("એફઆઈસીસીએલ")ને રકમ

**50,000.00/-** (રૂપિયા પચાસ હજાર પૂરા)

વાર્ષિક 21.00 % વ્યાજ કે જેની પ્રાપ્ત કરાયેલી રકમ માટે માસિક ધોરણે ગણતરી કરાય છે તેની સાથે ચૂકવી આપવાનું વચન આપીએ છીએ. જ્યારે પણ આ નોટ રજૂ કરાય ત્યારે અને તેનો વિરોધ કરવાને આ સાથે બિનશરતી અને અફર ઈનકાર કરાય છે.

અહીં જ્યાં એક કરતા વધુ સહી કરનારા હોય, તો તે દરેક સહી કરનારાની જવાબદારી સહિયારી અને બહુધા બને છે.

ઋણલેનારનું નામ: શ્રી નિલય સિંઘ

અહીં રૂ. 1/-નો રેવન્યૂ સ્ટેમ્પ લગાડવો (x) ઋણલેનાર

સહ-ઋણલેનારનું નામ: શ્રીમતી નિલિમા સિંઘ

અહીં રૂ. 1/-નો રેવન્યૂ સ્ટેમ્પ લગાડવો (x) ઋણલેનાર

(નોંધ-(x) નિશાન કરાયું હોય ત્યાં સહી રેવન્યૂ સ્ટેમ્પ પરથી પસાર થાય તે રીતે આડી કરવી)

એફઆઈસીસીએલ વતી

ઋણલેનાર સહ-ઋણલેનાર અધિકૃત હસ્તાક્ષરકર્તા

17

નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર દ્વારા લન વિતરણ માટેનું અરજીપત્ર

તારીખ: [ ]

પ્રતિ
ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ

**8141**
**8141_Rural_TN_Tir_Vellakoil**

વિષય: નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર સ્કીમ દ્વારા ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર થકી લોનવિતરણ

સંદર્ભ: લોનઅરજીસંદર્ભ નં. :{ 81410000016774 ]
લોનખાતા નંબર: [ 81414150000028 ]

આદરણીય સાહેબ,
મારી/ અમારી લોન અરજીના અનુસંધાનમાં, હું/ અમે આ સાથે ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ("એફઆઈસીસીએલ")ને બિનશરતી સૂચના આપવા માગીએ છીએ કે મંજૂર કરાયેલી લોન રકમ રૂ. ____________ /- ________________________________________ સીધેસીધી જમા કરાવે.
(પ્રિ ઈએમઆઈ વ્યાજ, દસ્તાવેજી ચાર્જિસ અને પ્રોસેસિંગ ચાર્જિસને નીચેની વિગતો બાદ કર્યા પછી:-

લાભાર્થીની વિગતો

| | | |
|---|---|---|
| લાભાર્થીની બેંકનું નામ | : | |
| લાભાર્થીના બેંક ખાતાનું નામ | : | |
| લાભાર્થીનું બેંક ખાતુ# | : | |
| લાભાર્થીના બેંક ખાતાનો પ્રકાર | : | ☐ બચત☐ કરંટ ☐ રોકડ ઉપાડ |

| | | |
|---|---|---|
| લાભાર્થીનું બેંક ચૂકવણીનું સ્થળ | : | |
| લાભાર્થીનો બેંક શાખા આઈએફએસસી કોડ | : | |
| માઈકર કોડ | : | |
| જમા કરાવાનારી રકમ | : | |

હું/ અમે આ સાથે ઘોષણા કરીએ છીએ કે:

- ઉપર દર્શાવાયેલી વિગતો સાચી, ખરી અને મારી જાણકારી મુજબની શ્રેષ્ઠ છે. હું / અમે ચૂકવણીની સૂચનામાં અપાયેલી કોઈ પણ વિગતની સચોટતામાં રહેલી ખામી માટે જવાબદાર રહીશું.
- હું/ અમે એફઆઈસીસીએલ દ્વારા અપાનારી કોઈ પણ ચૂકવણીની સૂચનાથી બંધાયેલા રહીશું, જો એફઆઈસીસીએલે સારી ભાવનાથી ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર માટેની સૂચનાઓના અનુસરણમાં ચૂકવણીની કોઈ સૂચનાનો અમલ કર્યો હશે.
- ઉપર દર્શાવ્યા મુજબના લાભાર્થીની તરફેણમાં લોનના વિતરણને મારા/ અમારા દ્વારા લોન મંજૂર કરાયેલીને પ્રાપ્ત કરાયેલી ગણી લેવાશે. લોન રકમની ઉપરોક્ત લાભાર્થી ચૂકવણીકારની તરફેણમાં વિતરણથી લોન સુવિધા અંગેની મારી/અમારી ફરજોને કોઈ અસર નહીં થાય.
- નિયંત્રણ બહારની કોઈ ઘટના કે કોઈ પગલાં કે તેને લગતી ડિલિવરી કે ટ્રાન્સમિશનમાં ક્ષતિ કે કોઈ ભૂલ કે બાદબાકી અથવા ઈલેક્ટ્રોનિક સંદેશો ડિલિવર કરાય કે ન કરાય, ટ્રાન્સમિશનમાં વિલંબ, અધૂરી માહિતીના કારણે ઊભા થનારા કોઈ નુકસાન કે હાનિ માટે એફઆઈસીસીએલને જવાબદાર ઠેરવી શકાશે નહીં. ઉપરની બાબતથી વિપરીત ફંડ ટ્રાન્સફરની પૂર્ણતામાં થનારા વિલંબ કે ફંડ ટ્રાન્સફરને લગતી પેમેન્ટ સૂચનાને કારણે તેના અમલમાં થનારી રકમની ક્ષતિ અથવા કુલર્ટન ઈન્ડિયાના ભાગે કોઈ બેદરકારીના સંજોગોમાં, કુલર્ટન ઈન્ડિયાની જવાબદારી ફક્ત વિલંબથી થનારી ચૂકવણીના સંજોગોમાં વિલંબના ગાળા માટે બેંક દરે વ્યાજની ચૂકવણી પૂરતી જ મર્યાદિત રહેશે.
- મારા/ અમારા દ્વારા આ અરજીપત્રમાં રજૂ કરાયેલી અયોગ્ય માહિતીના કારણે ખોટા લાભાર્થીના ખાતામાં રકમ જમા થવી કે જમા ન થવીની સ્થિતિ માટે કુલર્ટન ઈન્ડિયાને જવાબદાર ઠેરવી શકાશે નહીં.
- લાભાર્થી બેંક રકમ જમા થવા તેમજ આ રકમને બાદ કરી આપવા માટેના ચાર્જિસ વસૂલી શકે છે.

હું સમજું છું કે તમામ નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર ('એનઈએફટી') સૂચનાઓ અફર છે અને એનઈએફટી દ્વારા રકમ જમા કરાવવા સંબંધે સ્ટોપ પેમેન્ટ સૂચના આપવાની કોઈ સુવિધા નથી.

આપનો આભાર.

આપનો વિશ્વાસુ

| **ઋણલેનારઅને સહ ઋણલેનારના નામો** | | **સહી** |
|---|---|---|
| નામ: શ્રી નિલય સિંઘ ______ ______ | | ……………………………. (સહી) |
| નામ: શ્રી નિલય સિંઘ ______ ______ ______ | | ……………………………. (સહી) |

એફઆઈસીસીએલ વતી

ઋણલેનાર　　　　　　　　સહ-ઋણલેનાર　　　　　　　　અધિકૃત હસ્તાક્ષરકર્તા



**<u>ઋણલેનાર / સહ-ઋણલેનાર / જામીનદાર નિરક્ષર અથવા તો પ્રજ્ઞાચક્ષુ હોય અથવા તો પ્રાદેશિક ભાષામાં લોનના દસ્તાવેજો આપી રહ્યા હોય તો તે સંજોગોમાં ઘોષણાપત્ર</u>**

તારીખ ________

કુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ

**8141**
**8141_Rural_TN_Tir_ Vellakoil**

આદરણીય સાહેબ,

~~M415રૂ..~~ **50000/-** ની લોન (i) **શ્રી નિલય સિંઘ** અને (ii)

**શ્રીમતી નિલિમા સિંઘને**

ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ ("એફઆઈસીસીએલ") દ્વારા મંજૂર કરાયેલ છે- રજિ.

હું/ અમે મંજૂરી પત્રને સંદર્ભિત કરી~~એ છીએ જેની તારીખ~~ છે અને લોન ક~~સર જેની તારીખ~~ છે જેના માધ્યમે મને
**M415** રૂ. .**50,000.00 /- (રૂપિયા પચાર હજાર પૂરા)**
સુધીની લોન / સુવિધાએફઆઈસીસીએલદ્વારા આ કહેવાયેલા મંજૂરી પત્ર / લોનકરારમાં સામેલ નિયમો અને શરતોને આધિન રહીને ફાળવાઈ છે.

હું/ અમે આ સાથે ઘોષણા કરીને પુષ્ટિ કરીએ છીએ કે હું /અમે **નિરક્ષર /અંગ્રેજીમાં સાક્ષર નહીં/ પ્રજ્ઞાચક્ષુ છીએ, માટે ઉપરોક્ત કહેવાયેલા ... તારીખના મંજૂરી પત્રના તમામ નિયમો અને શરતો **50,000.00 /-** અને લોનકરારઅને તારીખની પ્રોમિસરી નોટ, ગેરન્ટી પત્ર, જામીનગીરી દસ્તાવેજો, ઘોષણાપત્ર અને ખાતરીપત્ર તથા અન્ય તમામ લોન દસ્તાવેજો કે જેને એફઆઈસીસીએલ, દ્વારા નિર્ધારિત કરાયા છે અને ઘોષણાપત્રો અને આ પત્રની પુષ્ટિને પણ મને/અમને ***______________________દ્વારા વાંચીને સમજાવાઈ છે કે જેમણે આ લખાણ પર હસ્તાક્ષર કર્યા છે, અને હું/અમે ઉપરોક્ત દસ્તાવેજને અને તેમાં ઉલ્લેખિત તમામ નિયમો અને શરતોને બરાબર સમજી લીધા બાદ અમલી બનાવ્યા છે.

હું/ અમે આ સાથે વધુમાં ઘોષણા કરીને પુષ્ટિ કરીએ છીએ કે આ કહેવાયેલી રૂ. .______________50,000.00 /-(રૂપિયા પચાસ હજાર પૂરા)______________ની લોનની તમામ શરતો અને નીતિ-નિયમો, અને લોન દસ્તાવેજો અને જામીનગીરી દસ્તાવેજો અને અન્ય તમામ દસ્તાવેજો કે જેનું એફઆઈસીસીએલદ્વારા નિર્ધારણ કરાયું છે તે આ કહેવાયેલી લોન હેઠળની જવાબદારીઓના પાલન સુધી મને/અમને બંધનકર્તા રહેશે.

**લાગુ પડતા ન હોય તેવા શબ્દો છેકી કાઢો
*** એફઆઈસીસીએલના કર્મચારી

નામ અને સહી અથવા
ઋણલેનાર/સહ-ઋણલેનાર / જામીનદારના ડાબા/જમણા હાથના અંગૂઠાનું નિશાન

નામ અને સહી
(ફુલર્ટનના કર્મચારીનું નામ અને સહી જેણે ઋણલેનાર / સહ-ઋણલેનાર / જામીનદારને તમામ દસ્તાવેજોની સમજ આપી છે)

એફઆઈસીસીએલ વતી

ઋણલેનાર | સહ-ઋણલેનાર | અધિકૃત હસ્તાક્ષરકર્તા